નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 17 DECEMBER 2024 | TUESDAY | Page :8 | Year : 2 | Issue :218 | Price: 2/-



ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય, ઇમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ છ મહિના લંબાવાઈ

જુઓ પેજ નં.૫

# ભાવનગરના ત્રાપજ નજીક ભયાનક અકસ્માત

## રોડની સાઈડમાં ઉભેલા ડમ્પરમાં લક્ઝરી ઘૂસી જતાં અકસ્માત સર્જાયો

## 5ના મોત, 10થી વધુ ઘાયલ



ભાવનગરઃ ભાવનગર નજીક ત્રાપજ પાસે હાઈવે પર રોડની સાઈડમાં ઉભેલા ડમ્પર ટ્રકની પાછળ ખાનગી બસ અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં પાંચ કરતાં વધુ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦ કરતાં વધુ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ભાવનગર નજીક ત્રાપજ પાસે હાઈવે પર એક ડમ્પરમાં ખામી સર્જાતા ડ્રાઈવરે રોડની સાઈડમાં કર્યું હતું, આ દરમિયાન સુરતથીરાજુલા જઈ રહેલી એપલ ટ્રાવેલ્સની ખાનગી બસ ડમ્પરની પાછળ ધડાકાભેર અથડાતા પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

આ ગોઝારા અકસ્માતની જાણ થતાં આજુ બાજુના લોકો અને અન્ય વાહનચાલકો એકઠા થયા હતા અને પોલીસ સહિત ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર અને એબ્લ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તુરંત ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો ખાનગી ટ્રાવેલ્સ બસનો એક બાજુના અડધા ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

# રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો, ૫ મહિનાનું એરિયર્સ પણ મળશે

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫ની શરૂઆત પહેલા સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી છે. રાજ્ય સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચ હેઠળ સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. આ સાથે ૫ મહિનાનું એરિયર્સ પણ મળશે. જે અંગે નાણાં વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરાતથી લાખો કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે.


રાજ્ય સરકારની જાહેરાત અનુસાર, આ મોંઘવારી ભથ્થું જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણ પ્રમાણે પગાર મેળવે છે તેવા કર્મચારીઓ અને પેન્શનરોના ભથ્થામાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. છઠ્ઠા પગારપંચ હસ્તકના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૭ ટકા વધ્યું છે. રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચ પ્રમાણે પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં ૧ જુલાઈ ૨૦૨૪થી વધારો કરવાનું નક્કી કર્યું છે. આ મોંઘવારી ભથ્થું ૫ મહિનાની તફાવતની રકમ જાન્યુઆરીમાં ચૂકવાશે. ડિસેમ્બરના પગાર સાથે તફાવતની રકમ મળશે. પેન્શનરોને તફાવતની રકમ ચૂકવાશે.

૧. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો - ૨૦૦૯ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર સંદર્ભમાં દર્શાવેલ ક્રમ (૩) થી દર્શાવેલ તા.૪ જુલાઈ ૨૦૨૪ના સરકારી ઠરાવ નં. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઇ-૧૦-ચ અન્વયે મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા.૧ જાન્યુઆરી ૨૦૧૬ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ લાગુ પાડવામાં આવતાં નવા પગારધોરણો ઉપર તા.૧ જાન્યુઆરી ૨૦૧૬થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસારના પગારધોરણો લાગુ પાડવામાં આવેલા નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા.૧ જુલાઈ ૨૦૨૪થી સુધારણા કરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતા



કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં કૃષિ માર્કેટિંગ પર રાષ્ટ્રીય નીતિનો ડ્રાફ્ટ બહાર પાડયો હતો અને તેના પર જાહેર ટિપ્પણીઓ અને સૂચનો આમંત્રિત કર્યા હતા. વર્ષોથી કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં નોંધપાત્ર સુધારો થયો છે, પરંતુ કૃષિ માર્કેટિંગમાં સમયની સાથે સુધારો થયો નથી. આવી સ્થિતિમાં, કૃષિ સુધારણા માત્ર બજાર સુધારણા પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તેમાં માર્કેટિંગ સંબંધિત સમસ્યાઓને દૂર કરવાના પ્રયાસોનો પણ સમાવેશ થવો જોઈએ. આનાથી તમામ હિતધારકોને ફાયદો થશે. તેમાં ખેડૂતો અને ગ્રાહકોનો પણ સમાવેશ થાય છે. આ સંદર્ભમાં, ડ્રાફ્ટ નીતિએ સમગ્ર ભારતમાં એક સમાન વ્યવસ્થા હેઠળ કૃષિ પેદાશોના અવરોધ-મુક્ત વેપારની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આજ સુધી ભાગ્યે જ કેન્દ્ર સરકારે કિસાનોને વ્યાપાર અભિમુખ કરવામાં રસ લીધો છે.

એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટિંગ કમિટી એટલે કે અડખઈ, જેને આપણે ખેત ઉત્પન્ન બજાર સમિતિ પણ કહીએ છીએ, તેની હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૭,૦૫૭ જથ્થાબંધ બજારોની સ્થાપના કરવામાં આવી હતી. આમ તો જો આપણે આ બજારોની સરેરાશ ઘનતા જોઈએ તો, દેશમાં અંદાજે દર ૪૦૭ કિમીના વિસ્તાર દીઠ એક બજાર છે. આ ૮૦ ચોરસ કિલોમીટરના બજારના ધોરણ કરતાં ઘણું ઓછું છે. એટલું જ નહીં, ૨૩ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૧,૪૧૦ બજારો તો ઈલેક્ટ્રોનિક-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ એટલે કે ચ-ગઅખ નેટવર્ક સાથે જોડાયેલા છે. જ્યારે ૧,૧૦૦થી વધુ બજારો સક્રિય નથી. લગભગ ૪૫૦ બજારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓછું કે નહીંવત છે અને તે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કાર્યરત છે.

આ સંદર્ભે, ડ્રાફ્ટ પોલિસીએ કૃષિ-ગ્રાહક બજારોમાં પ્રવેશ વધારવા જેવાં પગલાં પ્રસ્તાવિત કરીને યોગ્ય કાર્ય કર્યું છે જેથી ખેડૂતો તેમના ઉત્પાદનો સીધા ગ્રાહકોને છૂટક રીતે વેચી શકે. આ ગ્રામીણ હાટને ગ્રામીણ કૃષિ બજારોમાં રૂપાંતરિત કરીને, ખાસ કરીને પર્વતીય અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં એના માળખાગત વિકાસની તાતી જરૂરિયાત છે. જિલ્લા અને રાજ્ય સ્તરે કૃષિ-પ્રક્રિયા અને નિકાસલક્ષી સુવિધાઓને મજબૂત કરીને પણ નવો અવાજ બુલંદ બનાવી શકાય છે. નવી પેઢીના બહુ ઓછા કિસાનો આ પ્રક્રિયા પર વિશ્વાસ રાખે એ સ્વાભાવિક છે, પરંતુ સરકારે એને સકારાત્મક અનુભવો આપવા પડશે.

માહિતીની વિષમતાઓને ઘટાડવા અને પારદર્શિતા લાવવા માટે માર્કેટિંગ પ્રક્રિયાને ડિજિટલ બનાવવાના પ્રયાસરૂપે, હાલની નીતિ એપીએમસી બજારો ઉપરાંત જાહેર અને ખાનગી પ્રાપ્તિ કેન્દ્રો અને ગ્રામીણ હાટ સુધી ચ-ગઅખને એકીકૃત કરવા અને વિસ્તરણ કરવાની પણ ભલામણ કરે છે. વધુ મહત્ત્વની બાબત એ છે કે, નીતિમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા માટે કહેવામાં આવ્યું છે. આમ કરવાથી, ખાસ કરીને ખાનગી-જાહેર ભાગીદારીના ક્ષેત્રમાં, અડખઈ બજારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછતને દૂર કરી શકાય છે. રાજ્યોના કૃષિ મંત્રીઓની એક સશક્ત કૃષિ માર્કેટિંગ રિફોર્મ કમિટી બનાવવાની પણ જરૂર છે. જેથી રાજ્યોને અડખઈ એક્ટની સુધારેલી જોગવાઈઓને અપનાવવા માટે પ્રેરિત કરી શકાય. કેટલાક ખેડૂત સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી છે કે ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં વધારો થવાથી એકાધિકાર થશે જે ખેડૂતોને નુકસાન કરશે અને તેમની સોદાબાજીની શક્તિ છીનવી લેશે. જોકે, જથ્થાબંધ ખરીદદારો દ્વારા ખેડૂતો પાસેથી કૃષિ પેદાશોની સીધી ખરીદી, એટલે કે સરકાર દ્વારા સૂચિત મંડીઓ વિના અથવા વિવિધ શુલ્ક ચૂકવ્યા વિના સીધી ખરીદી, લાંબા ગાળે ખેડૂતોની તરફેણ કરશે. ડ્રાફ્ટ પોલિસીમાં ત્રિમાસિક એગ્રી-બિઝનેસ ઈન્ડેક્સની સ્થાપનાની પણ ભલામણ કરવામાં આવી છે. ડ્રાફ્ટ પોલિસી સ્વીકારે છે કે કૃષિ માર્કેટિંગ એ રાજ્યની સૂચિમાં એક વિષય છે અને બંધારણની સાતમી સૂચિમાં હોવાથી, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આ વિષય પર સાથે મળીને કામ કરવું પડશે. ભૂતકાળમાં કૃષિ કાયદાઓ પાછા ખેંચી લીધા પછી, સરકારે કૃષિ સુધારા માટે સલાહકારી અભિગમ અપનાવીને કેટલાક પગલાં લીધાં છે. કોઈ પણ સંજોગોમાં, સારા સ્ટોરેજ અને માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણની જરૂર છે. આ સાથે, સંગ્રહનું વિકેન્દ્રીકરણ કરવાની અને સારી વેરહાઉસ સુવિધાઓ ઊભી કરવાની અને દેશમાં કૃષિ કોમોડિટીઝમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ ફરી શરૂ કરવાની જરૂર છે.



ગુજરાત સરકાર શ્રી દ્વારા જંત્રી ના જંગી ભાવ વધારા સામે ક્રેડાઈ- રાજકોટ બિલ્ડરસ એસોસિયેશન, રીયલ એસ્ટેટ એજન્ટ્સ એસોસિએશન ઓફ રાજકોટ, રાજકોટના રૂડા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ગામના સરપંચ શ્રીઓ તેમજ અન્ય ઘણા બધા એસોસિએશનની વિશાળ સંખ્યામાં જન આક્રોશ સાથે કલેટરશ્રી ને આવેદન આપી રજૂઆત કરવામાં આવી..

# સમગ્ર કાશ્મીર ખીણ પર બરફની સફેદ ચાદર છવાઈ

દેશના હિમાલયન રાજ્ય કાશ્મીરમાં હિમવર્ષા સતત વધી રહી છે. ખાસ કરીને ખીણ ક્ષેત્રમાં બારામુલ્લા સહિતના જિલ્લાઓમાં સતત હિમવર્ષા નોંધાતા સમગ્ર ખીણ વિસ્તારમાં અડધો ફૂટ જેટલો બરફ પડ્યો છે અને તેને કારણે સમગ્ર ક્ષેત્ર સફેદ હિમ ચાદર હેઠળ આવી ગયું છે. અહીં લઘુત્તમ તાપમાન પણ માઈન્સ ૩.૪ ડીગ્રી શ્રીનગરમાં નોંધાયું હતું જ્યારે સહેલાણી સ્થળ ગુલબર્ગ અને પહેલગાંવમાં તો માઈન્સ ૪.૮ ડીગ્રી ઠંડી છે. જમ્મુ શહેર પણ ૬.૬ ડીગ્રી સેલ્સીયસ ઠંડીનો અનુભવ કરી રહ્યું છે.

# અજીત ડોભાલ સરહદ વિવાદ પર વાતચીત કરવા ચીનની મુલાકાત લેશે

## ચીનનાં ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ ચીનનાં વિદેશ મંત્રી વાંગ ચીને મળશે અને બંને દેશોનાં બફરઝોન પર ચર્ચા કરશે

નવી દિલ્હી : છેલ્લાં કેટલાક દિવસોમાં ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદમાં થોડી નરમાઈ જોવા મળી હતી. ડેપસાંગ અને ડેમચોકના ઘર્ષણ બિંદુઓ પછી, બંને દેશો વચ્ચે ફરી એકવાર વાતચીતનો રાઉન્ડ શરૂ થયો છે. મળતી માહિતી મુજબ, ભારતનાં સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ ટૂંક સમયમાં ચીનનાં પ્રવાસે જવાનાં છે. આ દરમિયાન તેઓ તેમનાં સમકક્ષ અને વિદેશ મંત્રી વાંગ ચીને મળી શકે છે. સૂત્રોનું કહેવું છે કે, તેઓ બેથી ત્રણ દિવસ ચીનનાં પ્રવાસ પર રોકાઈ શકે છે. બંને દેશો આ પ્રવાસની તારીખ નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે.



સૂત્રોનું કહેવું છે કે, ડોભાલ ડિસેમ્બરનાં અંતમાં અથવા જાન્યુઆરીની શરૂઆતમાં ચીન જઈ શકે છે. આ દરમિયાન તેઓ વિશેષ પ્રતિનિધિ સ્તરની વાતચીત કરશે. ૧૨ સપ્ટેમ્બરે રશિયાનાં સેન્ટ પીટર્સબર્ગમાં ડોભાલ અને ચીનનાં વિદેશ મંત્રી વાંગ વચ્ચે વાતચીત થઈ હતી.

૨૩ ઓક્ટોબરે બ્રિક્સ સંમેલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે મુલાકાત પણ થઈ હતી. આ પછી, વિદેશ પ્રધાન એસ જયશંકર અને વાંગ ચી વચ્ચે ૧૮ નવેમ્બરે રિયો ડી જાનેરોમાં જી ૨૦ સંમેલનમાં વાતચીત થઈ હતી. ૨૦ નવેમ્બરે રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ તેમનાં ચીની સમકક્ષને મળ્યાં હતાં. તેઓ આસિયાન સંરક્ષણ પ્રધાન પ્લસ બેઠકમાં ભાગ લેવા આવ્યાં હતાં. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ શી વચ્ચેની બેઠક દરમિયાન નક્કી કરવામાં આવ્યું હતું કે વાતચીતને આગળ કેવી રીતે લઈ જવામાં આવશે. બંને દેશો સરહદ વિવાદનો ઉકેલ શોધવા સંમત થયાં હતાં.

# સંભલમાં પથ્થરબાજી કરનારાઓને બક્ષવામાં નહીં આવે : સીએમ યોગી આદિત્યનાથ

નવી દિલ્હી : યુપી વિધાનસભાનું સત્ર આજથી શરૂ થયું છે. અપેક્ષા મુજબ, પ્રથમ દિવસ અરાજકતાથી ભરેલો હતો. સપાના નેતાઓએ સૂત્રોચ્ચાર કરતાં હંગામો મચાવવાનું શરૂ કરી દીધું હતું. વિધાનસભા અધ્યક્ષ તેમને સમજાવતા રહ્યાં. આ પહેલાં સીએમ યોગીએ મંત્રીઓ અને ધારાસભ્યોને તૈયારી કરીને આવવાનું કહ્યું હતું.

સીએમે કહ્યું કે ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને ભીંસમાં મુકવામાં આવ્યું હતું. વિપક્ષ બંદૂકના જોરે પોતાનું કામ કરવા માંગે છે. પરંતુ બહરાઈચ અને સંભલની ઘટનાઓમાં કાર્યવાહી આગળ વધી રહી છે. સત્ય બહાર આવશે, અને કોઈને પણ બક્ષવામાં નહિ આવે.

સીએમએ કહ્યું કે ભારત એવો દેશ છે જ્યાં બહુમતી સમાજ માત્ર સમાન નાગરિક કાયદાની માંગણી કરે છે. તેની માંગ ખરાબ વસ્તુ નથી. કાદરાના વિપક્ષે સુપ્રીમ કોર્ટના આદેશ પર સ્ટેની માંગ કરી છે. તેમણે કહ્યું કે જ્યારે અલ્હાબાદ હાઈકોર્ટનાં ન્યાયાધીશે સમાન નાગરિક સંહિતાની વાત કરી તો



વિપક્ષે તેમની વિરુદ્ધ મહાભિયોગની નોટિસ આપી હતી.

સીએમએ કહ્યું કે, શોભાયાત્રામાં ભજન વગાડવામાં આવે છે. નવરાત્રિમાં મા દુર્ગાના ગીતો વગાડવામાં આવે છે. તેમની આરતી વગાડવામાં આવે છે. મા દુર્ગા આપણાં માટે આસ્થા અને સશક્તિકરણનું પ્રતિક છે. બંદૂકો લહેરાવતા અને પથ્થર ફેંકતા લોકોના દ્રશ્યો છે કે હુલ્ડોમાં સામેલ લોકોનાં તમામ દ્રશ્યો છે. ગુનેગારને કોઈ બચાવી શકશે નહીં. સરકાર રમખાણો અને તોફાનીઓ પ્રત્યે ઝીરો ટોલરન્સ ધરાવે છે. યુપી વિધાનસભાનું સત્ર આજથી શરૂ થયું છે. અપેક્ષા મુજબ, પ્રથમ દિવસ અરાજકતાથી ભરેલો હતો. સપાના નેતાઓએ સૂત્રોચ્ચાર કરતાં હંગામો મચાવવાનું શરૂ કરી દીધું હતું. વિધાનસભા અધ્યક્ષ તેમને સમજાવતા રહ્યાં. આ પહેલાં સીએમ યોગીએ મંત્રીઓ અને ધારાસભ્યોને તૈયારી કરીને આવવાનું કહ્યું હતું.

સીએમે કહ્યું કે ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને ભીંસમાં મુકવામાં આવ્યું હતું. વિપક્ષ બંદૂકના જોરે પોતાનું કામ કરવા માંગે છે. પરંતુ બહરાઈચ અને સંભલની ઘટનાઓમાં કાર્યવાહી આગળ વધી રહી છે. સત્ય બહાર આવશે, અને કોઈને પણ બક્ષવામાં નહિ આવે. સીએમએ કહ્યું કે ભારત એવો દેશ છે જ્યાં બહુમતી સમાજ માત્ર સમાન નાગરિક કાયદાની માંગણી કરે છે. તેની માંગ ખરાબ વસ્તુ નથી. કાદરાના વિપક્ષે સુપ્રીમ કોર્ટના આદેશ પર સ્ટેની માંગ કરી છે. તેમણે કહ્યું કે જ્યારે અલ્હાબાદ હાઈકોર્ટનાં ન્યાયાધીશે સમાન નાગરિક સંહિતાની વાત કરી તો વિપક્ષે તેમની વિરુદ્ધ મહાભિયોગની નોટિસ આપી હતી.

સીએમએ કહ્યું કે, શોભાયાત્રામાં ભજન વગાડવામાં આવે છે. નવરાત્રિમાં મા દુર્ગાના ગીતો વગાડવામાં આવે છે. તેમની આરતી વગાડવામાં આવે છે. મા દુર્ગા આપણાં માટે આસ્થા અને સશક્તિકરણનું પ્રતિક છે. બંદૂકો લહેરાવતા અને પથ્થર ફેંકતા લોકોના દ્રશ્યો છે કે હુલ્ડોમાં સામેલ લોકોનાં તમામ દ્રશ્યો છે. ગુનેગારને કોઈ બચાવી શકશે નહીં. સરકાર રમખાણો અને તોફાનીઓ પ્રત્યે ઝીરો ટોલરન્સ ધરાવે છે.

# ઈવીએમથી જીત્યા પછી પણ તેને હટાવી દઈશ : અખિલેશ યાદવ

## ઈવીએમથી કયા મહોલ્લાએ કોને વોટ આપ્યો તે ખ્યાલ આવે છે, તેથી લોકોમાં દુશ્મની વધી છે

નવી દિલ્હીઃ કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષને હરિયાણા અને મહારાષ્ટ્રમાં કારમા પરાજયનો સામનો કરવો પડયો છે. સાથે ઉત્તર પ્રદેશ સહિત વિધાનસભાની પેટા ચૂંટણીઓમાં પણ વિપક્ષને મોટો ફટકો પડયો છે. આવા સમયે સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે ભાજપ પર હુમલો કરતા કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી થવાની છે ત્યારે ઈવીએમથી જીતીશ તો પણ ઈવીએમને હટાવીશ.

ઈવીએમ અને ઉત્તર પ્રદેશ પોલીસ પર ફરી એક વખત સવાલ ઉઠાવતા અખિલેશ યાદવે કહ્યું કે, ઈવીએમથી હરાવીને જ ઈવીએમને હટાવીશ. મેં લોકસભામાં પણ કહ્યું છે કે હું ઈવીએમથી ઉત્તર પ્રદેશની બધી જ ૮૦ લોકસભા બેઠકો જીતી જઈશ તો પણ ઈવીએમને હટાવી દઈશ. દુનિયાના અનેક દેશો જે વિકસિત છે તે ઈવીએમનો ઉપયોગ નથી કરી રહ્યા. જર્મની જેવો દેશ જે અનેક દૃષ્ટિએ સૌથી વધુ શક્તિશાળી છે તે પોતાના દેશમાં ઈવીએમના ઉપયોગને ગેરબંધારણીય ગણાવે છે. ઈવીએમના એક વોટ પર પણ વિશ્વાસ ના હોય તો ઈવીએમ હટાવી દેવા જોઈએ. ઈવીએમના વિરોધ



વચ્ચે અખિલેશે બેલેટ પેપરને ચૂંટણી માટે સૌથી વિશ્વસનીય પદ્ધતિ ગણાવી હતી. તેમણે કહ્યું વોટ કોણે નાંખ્યા છે તે ખબર પડવી જોઈએ નહીં. ઈવીએમથી એ જાણી શકાય છે કે કયા મહોલ્લાએ કોને વોટ આપ્યો છે. તેના કારણે દુશ્મની વધી રહી છે. તેમણે ઉત્તર પ્રદેશમાં થયેલી ચૂંટણી સમયે પોલીસની ભૂમિકા અંગે પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, અનેક જગ્યાએ પોલીસ ચૂંટણી લડી હતી, મતદાન કર્યું અને મતદાન કરાવ્યું હતું. આ અંગે અનેક વીડિયો પણ સામે આવ્યા છે. અનેક મહિલાઓ લડી અને મતદાન કર્યું. મારી પાસે ૩૦૦થી વધુ વીડિયો છે, જેમાં જોવા મળે છે કે ચૂંટણીના દિવસે પોલીસ તંત્ર શું કરી રહ્યું હતું.

# શિયાળામાં શરદી-ઉધરસના ૧૦૦૨, તાવના ૭૫૦ કેસ



## સપ્તાહમાં સિઝનલ રોગચાળાના કુલ ૧૮૯૮ દર્દીની નોંધ : ડેંગ્યુના પાંચ, ટાઈફોઈડના બે, મેલેરીયા–ચીકનગુનીયાના ૧–૧ કેસ : ૨૩૮ આસામીને નોટીસ

રાજકોટ, તા. ૧૬

મહાનગરમાં ઠંડીના રાઉન્ડ વચ્ચે છેલ્લા અઠવાડિયામાં સીઝનલ રોગચાળાના ૧૯૦૦ જેટલા કેસ નોંધાયા છે. ઠંડીમાં ડેંગ્યુના માત્ર પાંચ દર્દી નોંધાયાનું કોર્પોરેશને જાહેર કર્યુ છે. મહાપાલિકાની મેલેરીયા શાખાએ આજે જાહેર કરેલા અહેવાલ મુજબ તા.૯-૧૨ થી ૧૫-૧૨ દરમ્યાન શરદી-ઉધરસના ૧૦૦૨ કેસ નોંધાયા છે. વર્ષનો આંકડો અર્ધો લાખ નજીક પહોંચવા આવ્યો છે.

સામાન્ય તાવના ૭૫૦ અને ઝાડા-ઉલ્ટીના ૧૪૪ દર્દી ચોપડે ચડયા છે. ખતરનાક તાવ ટાઈફોઈડના વધુ બે કેસ મળી સપ્તાહમાં કુલ ૧૮૯૮ દર્દી નોંધાયા છે. ડેંગ્યુના પાંચ સિવાય મેલેરીયા અને ચીકનગુનીયાનો ૧-૧ કેસ જાહેર થયો છે. તો મચ્છર ઉત્પતિમાં બેદરકારી બદલ ૨૩૮ આસામીને નોટીસ ફટકારવામાં આવી છે. ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થરળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા અઠવાડિયામાં ૨૯,૧૭૫ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૫૮૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો અંગે વિભાગે તપાસ કરી કુલ ૩૬૨ બાંધકામ સાઈટ, સ્કૂરલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરેમાં તપાસ કરી હતી. જેમાં બેદરકારી બદલ રહેણાંક માં ૧૫૮ અને કોર્મશીયલ ૮૦ આસામીને નોટીસ આપવામાં આવેલ છે

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, શિયાળાની ઠંડીને લઈ શરદી-ઉધરસ અને તાવનાં કેસો સામે આવી રહ્યા છે ત્યારે લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ અને સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો એ હિતાવહ છે. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે.

જોકે, રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. ૯ ડિસેમ્બરથી તા. ૧૫ ડિસેમ્બર વચ્ચે ૨૯,૧૭૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. અને ૫૮૩ ઘરોમાં ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. સામાન્ય રીતે મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઈટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ ૩૬૨ પ્રિમાઈસીસમાં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન રહેણાંકમાં ૧૫૮ તો કોર્મશીયલમાં કુલ ૮૦ આસામીઓને નોટીસ ફટકારવામાં આવી હતી. તેમજ મચ્છરની ઉત્પત્તિ બદલ વહીવટી ચાર્જ પણ વસુલ કરવામાં આવ્યો હતો.

### મચ્છરોથી બચવા આટલું કરો...

- પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષાની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખો.
- પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરો.
- ફ્રિજની ટ્રે, માટલા, કુલર, કુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ધસીને સાફ કરો.
- બિનજરૂરી ડબ્બા, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરો.
- અગાશી, છજજામાં જમા રહેતા પાણીનો નિકાલ કરો.
- છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણોનો નિકાલ કરો.
- ડેંગ્યુનો મચ્છર દિવસે કરડતો હોવાથી દિવસ દરમ્યાન પુરૂ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા.



# ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય, ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ છ મહિના લંબાવાઈ

## ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમીવાર વધારો કરતાં હવે વધુ છ મહિનાની મુદત લંબાવવામાં આવી

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીને લઈને એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમીવાર વધારો કરતાં હવે વધુ છ મહિનાની મુદત લંબાવવામાં આવી છે. રાજયમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના માટે લંબાવાઈ છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. ચોથી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી ડિસેમ્બર એટલે કે આજે પૂર્ણ થઈ રહી હતી. હવે નવી તારીખ ૧૭મી ડિસેમ્બરથી મંગળવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા ચાર વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદત વધારી હતી. ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદે તેમજ બીયુ વિનાના બાંધાકમને તોડીને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ કાયદાને ઓછો પ્રતિસાદ મળતાં સતત પાંચમી વખત મુદત વધારાઈ છે.રાજય સરકારે બાંધકામોને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફીની સ્કીમ અમલમાં મૂકાઈ છે. ત્યારે ઈમ્પેકટ ફીની મુદત ૧૫ જૂનના રોજ પૂરી થઇ રહી હતી. જોકે, હવે રાજ્ય સરકારે તેમાં ૬ મહિનાનો વધારો કર્યો છે. ૧૭ જૂનથી તેનો અમલ કરાશે. ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા માટે હવે ૧૭ ડિસેમ્બર સુધી ઈમ્પેક્ટ ફીની અરજી કરી શકાશે. ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા અત્યાર સુધી ગુજરાત સરકારે ત્રણ વખત ઈમ્પેકટ ફીની સમયમર્યાદામાં વધારો કર્યો છે. શહેરમાં ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરાવવા માટે ઈમ્પેક્ટ ફીની ૫૪,૬૭૫ અરજી આવી છે, જેમાંથી ૧૩,૫૧૫ અરજી મંજૂર કરાઈ છે.

જ્યારે ૨૧,૬૩૩ અરજીને ના મંજૂર કરવામાં આવી છે. આમ ૩૫,૧૪૮ અરજીઓનો નિકાલ કરાયો છે. જ્યારે કાર્યવાહી ચાલુ હોય એવી ૧૯,૫૨૭ અરજીઓ છે. બિલ્ડિંગના પ્લાન-સ્કેચ, લિફ્ટ-ફાયર, સોસાયટી, બાંધકામના પૂરતા પુરાવા રજૂ ન કરવા તેમજ ઓનલાઈન પોર્ટલ ઉપર જરૂરી પુરાવા અને દસ્તાવેજ અપલોડ કરવામાં આવતા નથી. જેના કારણે ઈમ્પેક્ટ ફીની કામગીરી ઝડપી બનતી નથી. લોકો પૂરતા પુરાવા, પ્લાન અને અન્ય જરૂરી દસ્તાવેજો જમા ન કરાવતા હોવાના કારણે ઈમ્પેક્ટ ફીની અરજીનો નિકાલ થઈ શકતો નથી. ઈમ્પેક્ટ ફીથી ૧૩૮.૪૧ કરોડ રૂપિયાની આવક થઈ છે બાંધકામ નિયમિત કરાવવા અરજી કર્યા પછી લોકો પુરતા પુરાવા, પ્લાન અને જરૂરી દસ્તાવેજ આપતા ન હોવાથી અરજીઓનો નિકાલ થઈ શકતો નથી. હાલ અંદાજે ૨૦ હજાર અરજી પેન્ડિંગ છે.

### હાઈકોર્ટના આકરા વલણ બાદ પોલીસ – RTO ની સંયુક્ત ઝુંબેશ

# બેદરકારી ભર્યા ડ્રાઈવીંગ બદલ ધડાધડ લાયસન્સ સસ્પેન્ડ

**અગાઉના તમામ રેકોર્ડ ચાલુ વર્ષના ૧૧ માસમાં જ તૂટયા : એકલા અમદાવાદમાં ૧૫૭૫ એ લાયસન્સ ગુમાવ્યા : ચલણ – હીસ્ટ્રી તપાસીને નિર્ણય લેવાય છે : ઘાતક અકસ્માત સર્જનાર કાયમી રીતે લાયસન્સ ગુમાવે છે**

રાજકોટઃ ગુજરાતમાં સતત વધતા જતા હીટ એન્ડ રનની ઘટનાઓ તથા માર્ગ પર બેફામ ગતિએ તથા ટ્રાફીક નિયમોનો ભંગ કરી ડ્રાઈવીંગ કરે છે તેની સામે પોલીસ તથા આરટીઓની આકરી ઝુંબેશ આ વર્ષે જ નવેમ્બર માસ સુધીમાં ૧૫૭૫ લોકોના લાયસન્સ સસ્પેન્ડ થયા છે.

જે છેલ્લા પાંચ વર્ષના સૌથી વધુ છે. અમદાવાદમાં તથ્ય પટેલ કાંડ બાદ મહાનગરોના માર્ગો પર જાણે જે રીતે બેફામ ડ્રાઈવીંગ થાય છે તેથી તંત્રને સ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ છે અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓને દંડની સજા કોઈ ફર્ક પાડી શકતા નથી.

તેથી ગુજરાત હાઈકોર્ટે જે રીતે આકરુ વલણ અપનાવ્યું અને જેમાં સતત ટ્રાફિક નિયમોનો ભંગ કરતા હોય તેના ડ્રાઈવીંગ લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે તંત્રને જણાવ્યું પછી નવે-૨૦૨૪ સુધીમાં ૧૫૭૫ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.




આમ રોજના ચાર જેટલા લાયસન્સ પોલીસની ભલામણથી આરટીઓ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવે છે. ૨૦૨૩માં ૫૭૧ લાયસન્સ જ સસ્પેન્ડ થયા હતા. આમ ૨૦૨૪ એ તે સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. ૨૦૨૨માં ૩૦૯ અને ૨૦૨૧માં ૩૧૯ લાયસન્સ સસ્પેન્ડ થયા હતા. સરકારે હવે ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે મોટર વ્હીકલ એકટને વધુ આકરી રીતે લાગુ કરવા માટે આદેશ આપ્યા છે.

જેમાં સતત ત્રણ વખત ટ્રાફિક નિયમોનો ભંગ કરે તેને રૂા.૧૦૦૦નો દંડ અને ત્રણ માસ માટે લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. રાજ્યભરમાં પોલીસે કુલ ૭૭૦૯ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા આદેશ આપ્યા છે.

ખાસ કરીને જેવો ટ્રાફિક નિયમોનો ભંગ કરે છે અને તેના ચાલાન બને છે તેનો સતત અભ્યાસ થાય છે અને તેનાથી જેઓ નિયમ પાલન કરવામાં માનતા જ નથી તેઓના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે ભલામણ થાય છે અને આરટીઓ તેના આધારે પગલા લે છે અને જેમાં અત્યંત ઘાતક અકસ્માતમાં સામેલ છે અને તેની બેદરકારી સાબીત થાય તો તેના લાયસન્સ કાયમી રીતે સસ્પેન્ડ કરવા ભલામણ થાય છે.

માર્ગ પર ગતિ નિયંત્રણ વગર વાહન ચલાવવા રોંગસાઈડમાં જવા કે હેલ્મેટ વગર ટ્રીચક્રી વાહન ચલાવવા સીટ બેલ્ટ નહી પહેરવા, ચાલુ ડ્રાઈવીંગ મોબાઈલ પર વાતચીત કરવા સહિતના ટ્રાફિક નિયમ ભંગ નાના દેખાતા હોય પણ તેમાં કયારેક મોટા અકસ્માત સર્જાઈ જાય છે.

ગુજરાતના માર્ગો પર વાહનો વધતા જાય છે તેની સરખામણીમાં રોડ ઉપલબ્ધ નથી એકલા અમદાવાદમાં જ વર્ષે ૨ લાખ નવા વાહનો ઉમેરાય છે. જૂના કંડમ વાહનો પણ માર્ગો પર દોડે છે જે પણ ટ્રાફિક વ્યવસ્થાને વિધ્ન બને છે.

## ગુજરાતનું એક પણ ગામ એવું નથી જ્યાં 'કોથળી' ન મળે, દારૂબંધી હટાવોઃ શંકરસિંહ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલા ગુજરાતમાં પ્રજાશક્તિ ડેમોક્રિટીક પાર્ટી સક્રિય થઈ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના સુપ્રીમો શંકરસિંહ વાઘેલાએ ગુજરાત અધ્યક્ષની સાથે પાલનપુર ખાતે પહોંચી પાર્ટીના કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી.

આ સમયે શંકરસિંહ વાઘેલાએ વધુ એક વખત રાજ્યમાં દારૂબંધી હટાવી દેવી જોઈએ તેવું નિવેદન કર્યું હતું.સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીકમાં છે અને તેની પહેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તેમની નવીન પ્રજાશક્તિ ડેમોક્રેટિકપાર્ટીને સક્રિય કરવાનું કામ શરૂ કર્યું છે. ત્યારે આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ત્રિપાંખીઓ જંગ દેખાય તો



નવાઈ નહીં. શંકરસિંહ વાઘેલાએ પાલનપુરની ખાનગી હોટલ ખાતેની ડેમોક્રેટિક પાર્ટીની બેઠક યોજી હતી અને ત્યાં તેમની પાર્ટીના ગુજરાત અધ્યક્ષ રિદ્ધિરાજસિંહની ઉપસ્થિતમાં બનાસકાંઠાના અધ્યક્ષ તરીકે લાખણીના દોલાભાઈ ખાગડાની વરણી કરી હતી.

જોકે તે બાદ વિવાદિત નિવેદન કરતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે ગુજરાતમાંથી દારૂબંધી હટી જવી જોઈએ અને એનું કારણ એ છે કે ગુજરાતનું કોઈ એવું ગામ નહીં હોય જ્યાં કોથળીઓ નહીં મળતી હોય. ત્યારે રાજસ્થાન મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં દારૂબંધી નથી. ગુજરાતના નજીકના રાજ્યોમાં દારૂ ખુલેઆમ મળી રહ્યો છે એટલે ગુજરાતમાં દારૂ બંધી જેવું કશું જ નથી. ગુજરાતમાં દરેક ખૂણામાં અસાનીથી દારૂ મળી રહ્યો છે. લોકો ખરાબ દારૂ પીને મોતને ભેટી રહ્યાં છે.લોકો દારૂ જલ્દીથી છુપાવી ન શકતા તેની જગ્યાએ ડ્રગ્સના રવાડે ચડી રહ્યા છે. ગુજરાતમાં વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી ક્વોલિટી વાળો દારૂ મળે તે વ્યવસ્થા કરવી જોઈએ. દારૂ માંથી સરકારને જે આવક થાય તે વિદ્યાર્થીઓના શિક્ષણમાં લગાવવી જોઈએ. ગરીબ લોકોના આરોગ્ય પાછળ તેનો ખર્ચ કરવો જોઈએ.

## જબરી હેરાફેરી; કાર-થ્રી વ્હીલરની એક જ ટ્રીપમાં સેંકડો ટન રેશન અનાજનું ટ્રાન્સપોર્ટેશન



નવી દિલ્હી દેશમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે કેન્દ્ર દ્વારા રાજ્યોને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉન અને ત્યાંથી સસ્તા અનાજની દુકાનો સુધી આ અનાજ વિ. પહોંચાડવામાં આવે છે તેમાં મોટાપાયે હેરાફેરી થતી હોવાનું કોમ્પ્યુટણ એન્ડ એકાઉન્ટન્ટ જનરલના ઓડિટમાં ઝડપાયું છે.

ખાનગી ક્ષેત્રની આટા-બેસન મિલો સુધી આ અનાજ પહોંચી જાય છે. સરકારી ગોડાઉનના ઘઉંમાંથી કંપનીઓ બીસ્કીટ બનાવે છે તેવા એક ઘટસ્ફોટ કર્ણાટકમાં કેગના ઓડિટમાં એવો ઘટસ્ફોટ થયો છે કે મીની ટ્રક જેની વહન ક્ષમતા પ્રતિ ટ્રીપ ૭.૫ કિવન્ટલની હોય છે.

તેણે ફકત બે ટ્રીપમાંજ ૨૭૭.૬૯ કરી હતી અને ૨૮૧.૨૯ કવીન્ટલ અનાજ પહોચાડયુ હતું. આમ દરેક ટ્રીપમાં તેની ક્ષમતાના ૨૦૯-300 ટકા અનાજનું વહન કરાયું. જે સૌથી મોટુ ધુમ્મલ પકડાયું છે. કાર મારફત એક જ ટ્રીપમાં ૨૪૪.૨૦ કવીન્ટલ અનાજનું ટ્રાન્સપોર્ટેશન થયુ હતું અને થ્રી-વ્હીલર મારફત 300.0૨ કવીન્ટલ અનાજનું વહન થયુ હતું.₹વાસ્તવમાં આ અનાજ બારોબાર પગ કરી ગયું પણ તેમાં કાનૂની ટ્રીપ બનાવવા જે વાહનોના નંબર દર્શાવાયા તે નાના કોમર્શિયલ વાહનો કાર અને થ્રી વ્હીલર હતા જેની ક્ષમતા પણ તેટલું અનાજ વહન કરી શકે નહી છતા તેના ટ્રાન્સપોર્ટ ખર્ચના બિલ પણ ચુકવાઈ ગયા હતા.

વાસ્તવમાં મોટા વાહનો મારફત આ અનાજ બારોબાર મોકલી અપાયુ હતું તેમાં એ પણ ચિંતા કરવામાં આવી નહી કે જે નંબરના વાહનોના નંબરનો ઉપયોગ થાય છે તેની ક્ષમતા એવી જ હતી કે તે આટલા અનાજનું વહન કરાયુ હતુ હવે આ અંગે સરકારે કેવા પગલા લેવા માંગે છે તે પ્રશ્ન છે.

# શહેરમાં ટ્રાફિકજામનુ જંગલરાજ યથાવતઃ પોલીસ ગાયબ, ઈમર્જન્સી વાહનો પણ ફસાયા



શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા દિન પ્રતિદિન વકરી રહી છે. રવિવારે બપોરે નાગનાથ ગેઈટ પાસે સર્જાયેલા ચક્કાજામે આ વાતની પુષ્ટિ કરી છે. ગુજરી બજારને કારણે સર્જાયેલા ટ્રાફિક જામમાં ૧૦૮ ની એમ્બ્યુલન્સ સહિત અનેક વાહનો ફસાઈ ગયા હતા. આ ઘટનાએ શહેરની ટ્રાફિક વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે.

જામનગર શહેરમાં ટ્રાફિક પોલીસની ગેરહાજરીને કારણે ટ્રાફિક જામની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. આ અંગે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં ઈન્સ્પેક્ટર જનરલની મુલાકાત દરમિયાન ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે આશા જાગી હતી પરંતુ હકીકતમાં સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. શહેરના મુખ્ય માર્ગો પર સર્જાતા ટ્રાફિક જામને કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ઈમરજન્સી વાહનો પણ ટ્રાફિક જામમાં ફસાઈ જતાં દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે તંત્રએ તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. જામનગર શહેરમાં ફ્લાય ઓવર નું નિર્માણ થઈ રહ્યું છે, અને તેને લઈને કેટલાક સ્થળો પર પતરાની આડશ મૂકીને કામ ચાલુ રહ્યું છે, જે દરમિયાન સાત રસ્તા સર્કલ થી નાગનાથ ગેઈટ ચોકડી સુધીના જુદા જુદા વિસ્તારોમાં સમયાંતરે ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી રહે છે.

બે દિવસ પહેલાં સાત રસ્તા સર્કલ પાસે ભારે ટ્રાફિક જામ થયો હતો, અને પોલીસે કલાકો સુધી જહેમત ઉઠાવવી પડી હતી. જે પરિસ્થિતિ રવિવારે બપોરે ફરીથી સર્જાઇ હતી. જામનગરમાં રંગમતી નદીના પટમાં રવિવારે ગુજરી બજાર ભરાય છે, અને કેટલાક ફેરિયાઓ છે કે નાગનાથ ગેઇટ ચોકડી સુધી ઊભા રહે છે, દરમિયાન બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં નાગનાથ ગેઈટ ચોકડી પાસે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા, અને મોટી સંખ્યામાં વાહનોના થપ્પા લાગી ગયા હતા. તેથી લોકોમાં ભારે દેકારો થઈ ગયો હતો.આ ટ્રાફિક જામની વચ્ચે એક ૧૦૮ નંબર ની એમ્બ્યુલન્સ પણ સલવાઈ હતી, અને લોકોએ શોર બકોર કર્યો હતો. ત્યારબાદ મોડેથી ટ્રાફિક શાખા ની ટુકડી ઘટના સ્થળે દોડી આવી હતી, અને ભારે જહેમત લઈને ધીમે ધીમે ટ્રાફિકને હળવો કર્યો હતો.નાગનાથ ગેઈટ ચોકડી પાસે ના ઓવરબ્રિજ ના કામ માટે ચોકડી નો રસ્તો જાહેરનામુ પણ બહાર પાડીને બંધ કરવામાં આવ્યો હોવાથી રસ્તો ટુંકો બની જતાં અહીં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

# દિવ્ય શાકોત્સવ અને વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગર અમદાવાદ અને શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ બોટાદ દ્વારા આયોજિત ગ્રંથરત્ન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ના ઉપક્રમે તા. ૧૫ /૧૨/ ૨૦૨૪ ને રવિવારના રોજ આર્ય પ્લાઝાની બાજુમાં, પાળિયાદ રોડના શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવ્ય શાકોત્સવ અને સાંસ્કૃતિ સાથે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કીર્તન ભક્તિ, સંસ્કૃતિને ઉજાગર કરવા ગામઠી રોટલા અને શાક જાતે તૈયાર કરવા, લોક સાહિત્ય ડાયરો અને છજ્જ દ્વારા રાષ્ટ્ર ધર્મની માહિતી આપવામાં આવી હતી. તેમજ આ અવસરે મંદિરના પ્રવેશદ્વારની દીવાલે કાયમી પાણીની પરબનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને બોટાદના માનવંતા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા પૂજ્યસંતોએ જીવન જીવવાની કળા શિક્ષાપત્રી વિશે પ્રેરણા દાયક પ્રવચન આપ્યું હતું અને કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.





તસવીરઃ આનંદ સોમૈયા

**સ્માર્ટ સીટીમાં રોજિંદા અને અનિવાર્ય કામ માટે ગ્રામ પંચાયતથી પણ ઠંડા વહીવટનો અનુભવ કરતા નાગરિકો**

# આધાર કેન્દ્ર - જન્મ મરણ વિભાગ બહાર ફરી લાંબી લાઇનો : અરજદારો વચ્ચે માથાકૂટો

## આધારમાં લાંબી લાઇનમાં વારો આવ્યા બાદ અન્ય દાખલા સુધારવાની સૂચનાથી કકળાટ : બર્થ સર્ટીફીકેટમાં નામના નવા ફોર્મેટમાં એન્ટ્રી માટે ધકકા : ઇ–કેવાયસી, અપાર, મોબાઇલ નંબર માટે લાંબુ વેઇટીંગ

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાપાલિકામાં આજે ફરી એક વખત નાગરિક સુવિધા કેન્દ્ર અને આધાર કેન્દ્ર બહાર સેંકડો અરજદારોની લાઇન લાગી ગઇ હતી. ખુલતા સપ્તાહે થોડી ભીડ દર અઠવાડિયે હોય છે, પરંતુ છેલ્લા દિવસોથી ઇ-કેવાયસી, વિદ્યાર્થીઓના અપાર કાર્ડ, રોજિંદી અન્ય નોંધ માટે પણ લોકોની ભીડ વધી હોય, કામકાજના દિવસોમાં લોકોના કિંમતી સમયનો બગાડ થઇ રહ્યો છે.

નામમાં એન્ટ્રીના આવેલા નવા નિયમના કારણે અનેક નાગરિકને આધાર કાર્ડ અપડેટ પહેલા જન્મના દાખલામાં સુધારા કરવા જવું પડતું હોય, આધાર કેન્દ્ર જેવી જ હાલત સીવીક સેન્ટરની પણ થઇ ગઇ છે.

શનિ-રવિની રજા બાદ આજે સોમવારે રાબેતા મુજબ આધાર કેન્દ્ર અને જન્મ-મરણના દાખલા આપતા સિવિક સેન્ટર ખુલ્યા હતા. અનિવાર્યતા માટે અનેક અરજદારો કચેરી ખુલે તે પહેલા કોર્પો.એ પહોંચી જાય છે. મનપા સિવાય પણ પોસ્ટ ઓફિસ, અમુક બેંકો, રાજય સરકારની કચેરીઓમાં આધાર કાર્ડના કામ થાય છે, પરંતુ મોટા ભાગે લોકો કોર્પો.એ જવાથી જ ભલુ થશે તેવું માને છે. આથી મનપા ઉપર બોજ વધ્યો છે.

આજે સવારે આધાર કેન્દ્ર બહાર લાગેલી લાઇન છેક પદાધિકારીઓના પાર્કિંગ સુધી પહોંચ્યા બાદ ગેટ સુધી પહોંચી ગઇ હતી. તો સામે સિવિક સેન્ટર બહારની દિવાલે પણ લોકોની લાઇન હતી. કોર્પો.માં તમામ કીટ એકટીવ થયા બાદ હાલ સેન્ટ્રલ ઝોનમાં ૭, ઇસ્ટ ઝોનમાં ૬ અને વેસ્ટ ઝોનમાં પાંચ કીટથી કામ ચાલુ છે. એક કીટમાં સરેરાશ ૪૦ જેટલી એન્ટ્રી સાથે રોજ ૭૦૦ જેટલા આધાર કાર્ડના કામ થઇ શકે છે. પરંતુ હાલ ત્રણે ઝોનમાં લાઇનો લાંબી થતી જાય છે. હાલ રાશન કાર્ડમાં ઇ-કેવાયસીનું કામ ચાલે છે. તો જુદા જુદા રોજિંદા સરકારી કામોથી માંડી પાસપોર્ટ સુધીની અરજીમાં નામ-સરનામા એકસમાન હોય તેવા ડોકયુમેન્ટ જ ચાલતા હોય, તેમાં સુધારા માટે તો અરજદારો આવતા જ હોય છે. વળી થોડા સમયથી વિદ્યાર્થીઓના ‘અપાર કાર્ડ’ની નોંધણી ચાલુ છે. આથી આધાર કાર્ડ અને જન્મના દાખલામાં નામ કે નામ લખવાની પધ્ધતિમાં ફેરફાર હોય તો અરજી રીજેકટ થાય છે.

આધારમાં એન્ટ્રી માટે જન્મના દાખલામાં પિતા અને દાદા સહિતના નામનું ફોર્મેટ જરૂરી બનાવાયું છે. આથી અનેક વખત આધાર અને જન્મના દાખલામાં એકસાથે સુધારા કરાવવા પડે છે. આજે આધાર કેન્દ્ર અને સિવિક સેન્ટર બંને બિલ્ડીંગ બહાર લાઇન લાગી હતી. આ દરમ્યાન વધુ સમય બગડતા અને વારો ન આવતા અનેક નાગરિકોએ દેકારો કર્યો હતો.

કેટલાક વચ્ચે ચકમક પણ જરતી રહેતી હતી. ખરેખર વિદ્યાર્થીઓના કામ માટે શિક્ષણ વિભાગ તેઓની સંલગ્ન કચેરીમાં અલગ કીટની વ્યવસ્થા કરે તો આ સામાન્ય કામ માટે ધસારો ટળી શકે તેમ છે. જન્મ-મરણ વિભાગ ઉપર પણ આ નવું ભારણ આવ્યું છે છતાં વિભાગ સ્થિતિ સમજીને દાખલામાં જરૂરી સુધારા વધારા ઝડપથી કરે છે. ભુતકાળમાં આધાર કાર્ડના કામ માટે ટોકન સિસ્ટમ અમલમાં હતી. કોરોના વખતે આ વ્યવસ્થા લાંબી ચાલી હતી પરંતુ તે બાદ ટોકન લઇ જતા લોકો કોઇપણ સમયે આવે અથવા ન આવે તો અન્ય લોકોનો વારો પણ લાગતો નથી અને કામ પણ થતું નથી. આથી ફરી ટોકન પ્રથા શરૂ કરવી પણ ચિંતાનો વિષય તંત્રને લાગે છે.

આધાર કાર્ડની ઘણી કામગીરી લોકો જાતે ઓનલાઇન કરી શકે છે. પરંતુ ઘણી એન્ટ્રી માટે કચેરીએ જ જવું પડે છે. મોબાઇલ નંબરમાં ફેરફાર, આવી જ એક પ્રક્રિયા છે. આથી આ ટુંકી કામગીરી માટે પણ આવતા નાગરિકોને કડાકૂટવાળી લાઇનમાં બેસવું પડે છે. આ સંજોગોમાં વિભાગે મોબાઇલ નંબર બદલવા માટે અલગ કીટ ફાળવી છે.

વિભાગના ઇન્ચાર્જ અધિકારી નરેન્દ્ર આરદેસણાએ જણાવ્યું હતું કે, મોબાઇલ નંબરમાં ફેરફાર માટે પાંચેક મીનીટનો જ સમય જોઇએ છે. આથી આ કામ માટે આવતા લોકો માટે મોટા ભાગે એક કીટ જુદી રહે છે. આ અરજદારોને અલગ બોલાવી લેવામાં આવે છે. બાળકો, વડીલો અને સગર્ભા બહેનોનો પણ સમય ન બગડે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ૩૧ ફસ્ટ પર દારૂ પીને આવનાર પર પોલીસ કડક કાર્યવાહી કરશો કાયદાનો ભંગ કરનારને પોલીસ કાયદાનું ભાન કરાવશે : સુરત રેન્જ



## આઈજી શ્રી પ્રેમવીરસિંગ યાદવ

વલસાડ, તા. ૧૬ : ૩૧ ફર્સ્ટ આવી રહી છે ત્યારે લોકો દારૂ પીને ઉજવણી કરતા હોઈ છે પણ ચેતી જજો પોલીસ કડક કાર્યવાહી કરવા એકશન પ્લાન બનાવી લીધો છે. સુરત રેન્જ વડા પ્રેમવીરસિંગ યાદવે સુરત રેન્જમાં આવતા તમામ જિલ્લા પોલીસ વડાને સૂચના આપી છે. દારૂ પી અને દારૂ લાવનારને કાયદાનું ભાન કરાવા જણાવ્યું છે જ્સામના મિરરઉના પત્રકાર કાર્તિક બાવીશી સાથે મુલાકાતમાં થયેલ વાતચીતમાં રેન્જ વડા શ્રી પ્રેમવીરસિંગ યાદવે જણાવ્યું કે સુરત રેન્જના તમામ જિલ્લામાં દારૂ લાવનાર કે ૩૧ ફસ્ટ પર દારૂ પીને આવનાર પર પોલીસ કડક કાર્યવાહી કરશો કોઈ પણ ચમરબંધી ને છોડવામાં નહિ આવે તેવું વાતચીતમાં જણાવ્યું હતું દારૂ પીને વાહનો બેફામ તેમજ દારૂ પીને ડીંગલ કરનારનું આવી બનશો તેમાં શંકાને સ્થાન નથી.

**‘સામના મિરર’ના પત્રકાર કાર્તિક બાવીશી સાથે મુલાકાતમાં થયેલ વાતચીતમાં રેન્જ વડા શ્રી પ્રેમવીરસિંગ યાદવે જણાવ્યું કે સુરત રેન્જના તમામ જિલ્લામાં દારૂ લાવનાર કે ૩૧ ફસ્ટ પર દારૂ પીને આવનાર પર પોલીસ કડક કાર્યવાહી કરશે**

# પોલીસ હવે ગુનાના સ્થળ પરથી ઈ-પંચનામુ સીધું કોર્ટમાં મોકલશે, ગુજરાત પોલીસને મળી નવી એપ

## ૯૦ દિવસ થતાં ચાર્જશીટ સાથે કોર્ટ ઈ-પંચનામા માગતી હોવાથી અમદાવાદ પોલીસ મૂંઝવણમાં

ઓનલાઇન એફઆઈઆર નોંધવાની ફાવટ ગુજરાત પોલીસને આવી ગઈ છે. હવે કોઈપણ ગુનામાં પંચનામું સીધું જ કોર્ટમાં જમા થાય તેવી ઍપ્લિકેશન ગુજરાતમાં અમલી બની છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં જેમને ગુનાની તપાસ કરવાની સત્તા છે તેવા પોલીસ અમલદારોને તેમના મોબાઇલ ફોનમાં ઈ-સાક્ષ્ય ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી છે. સાક્ષ્ય નામની આ ઍપ્લિકેશનથી ગુનાના સ્થળ ઉપર પોલીસ દ્વારા કરવામાં આવતું પંચનામુ સીધું જ કોર્ટમાં જમા થાય છે. જો કે, ઍપ્લિકેશનના આરંભે જ સર્જાયેલી અમુક સમસ્યા ઉકેલાય તેમ પોલીસ ઇચ્છે છે.




નવી આધુનિક પદ્ધતિથી પોલીસ-કોર્ટ વચ્ચે સંકલન અને કાર્યવાહી ઝડપી બનશે

નવા કાયદા અમલમાં આવ્યા તે સાથે ઈ-સાક્ષ્ય ઍપ્લિકેશન આવી છે તેમાં તપાસનીશ પોલીસ કર્મચારી, અધિકારીએ સાક્ષી, પંચનામું, જડતી કાર્યવાહીની વીડિયોગ્રાફી પોતાના મોબાઇલ ફોનથી કરી આ ઍપ્લિકેશન ઉપર સ્થળ ઉપરથી લાઇવ જ મોકલી આપવાની રહે છે. તપાસનીશ પોલીસ કર્મચારીએ પોતાની સેલ્ફી, ફરિયાદીનો ફોટોગ્રાફ, બે પંચના ફોટોગ્રાફ, નામ-સરનામા સહિતની વિગતો આ ઍપ્લિકેશનમાં અપલોડ કરવાની રહે છે. જે સ્થળે ઘટના બની હોય તે સ્થળની વીડિયોગ્રાફી પણ મોબાઇલ ફોન ઉપર ડાઉનલોડ કરેલી ઍપ્લિકેશનમાં તપાસનીશે અપલોડ કરવાનું ગત જુલાઈ મહિનાથી ફરજિયાત બનાવાયું છે.

આ વિગતો બનાવ બન્યો હોય તે સ્થળ જે કોર્ટમાં આવતું હોય તે અદાલતમાં જ સીધી જમા થઈ જાય છે. આ ઍપ્લિકેશન અપલોડ થાય એટલે પોલીસને ઈ-સાક્ષ્ય પંચનામું કર્યાનું પ્રમાણપત્ર ઓનલાઇન જ મળી જાય છે આધુનિક એવી આ નવી પદ્ધતિમાં રહેલી ત્રુટિઓથી પોલીસ પરેશાન પણ છે. સમસ્યા એ છે કે, પોલીસે આ ઈ-સાક્ષ્ય પંચનામાની ત્રણ સી.ડી. અથવા તો ત્રણ પેનડ્રાઇવ તૈયાર કરવી પડે છે. ૪૮ કલાકમાં જ આ સી.ડી. કે પેનડ્રાઇવને મૂળ પંચોની રૂબરૂમાં જ સીલ કરીને કોર્ટમાં રજૂ કરવાનું કહે છે. બીજી પેનડ્રાઇવ વ્યવસ્થિત રીતે સ્ટોરેજ કરવાની રહે છે. ગત જુલાઈ મહિનાથી અમલમાં આવેલી આ પદ્ધતિનો અમલ અમદાવાદ સહિત રાજ્યના ઘણાં ખરાં પોલીસ સ્ટેશનમાં અમલ થતો નથી.

સ્થિતિ એ સર્જાઈ છે કે, ૬૦ કે ૯૦ દિવસમાં ગુનાની ચાર્જશીટ કરવામાં આવે ત્યારે કોર્ટ સી.ડી. કે પેનડ્રાઇવ માંગે છે. વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફ સાથેની સી.ડી. રજૂ ન થઈ શકવાથી કોર્ટ ચાર્જશીટ ગ્રાહ્ય રાખતી ન હોવાની નવી સમસ્યા સર્જાઈ છે. પોલીસની વેદના એ છે કે, ઈ-સાક્ષ્યની કોઈ જ તાલીમ અપાઈ નથી કે સી.ડી. કે પેન ડ્રાઈવ પણ પોલીસને આપવામાં આવતી નથી. પોલીસે દૈનિક કામગીરીમાં પંચનામા કરવા પડે છે. આથી, ફરિયાદ અંગેની વર્તમાન કામગીરી યથાવત છે તે વચ્ચે ફોટોગ્રાફ પાડવા ઉપરાંત સીલ કરવાની કામગીરી યોગ્ય રીતે પૂર્ણ કરી શકે કે કેમ તે સવાલ છે.

સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજરનો અમલ કરવાનો પોલીસને તાકીદ કરાતાં જુલાઈ મહિનાથી અમલ કરવામાં આવી રહ્યો છે. કોઈપણ ગુનામાં પંચનામાની વિગતો ઈ-સાક્ષ્યમાં તપાસ અધિકારી દ્વારા અપલોડ કરવી ફરજિયાત બનાવાઈ છે. સાથે જ, પંચનામાના નામ, સરનામા અને ફોટોગ્રાફ સાથેની વિગતો પણ આ ઍપ્લિકેશનમાં નોંધવી પડે છે. આ ઍપ્લિકેશન અપડેટ થતી રહે છે તેથી તેને સતત અપલોડ કરવું પડે છે. આ દરમિયાન અગાઉના ડેટા પણ મિસ્ડ થતાં હોવાની પોલીસની ફરિયાદ છે. ઍપ્લિકેશન અંગેની કોઈ સમસ્યા, કઈ રીતે ઉપયોગ કરવો તેની સમજ આપવી, ઇન્ટરનેટ કનેક્ટિવિટી સહિતના અનેક પ્રશ્નો વચ્ચે ઈ-સાક્ષ્ય ઍપ્લિકેશન અત્યારે તો પોલીસ માટે માથાના દુઃખાવારૂપ બની છે.

ગાંધીનગરથી આદેશ મુજબ ગત જુલાઈથી સાક્ષ્ય ઍપ્લિકેશન અમલમાં આવી ગઈ હતી. વાસ્તવિક પંચનામું આ ઍપ્લિકેશનથી વાસ્તવિક સમયે જ સીધું કોર્ટમાં જમા થઈ જાય એટલે પોલીસને તેમની ઍપ્લિકેશન ઉપર જ પંચનામું મળી ગયાનું પ્રમાણપત્ર મળે છે. ચાર્જશીટ સમયે પોલીસે આ પ્રમાણપત્ર મૂકવાનું રહે છે. હવે સ્થિતિ એ સર્જાઈ છે કે, ૬૦ કે ૯૦ દિવસે ચાર્જશીટ થયાં હોય તેવા અનેક ગુનામાં પોલીસે સાક્ષ્ય ઍપ્લિકેશનથી ઈ- પંચનામા રજૂ કર્યા નથી અને અમુક કોર્ટ ઈ-પંચનામા માંગે છે.

પ્રજાજનો હવે ઓનલાઇન ફરિયાદો કરી શકે છે. સામાન્ય, શરીર સંબંધિત અને મિલકત સંબંધિત કોગ્નીઝેબલ અને નોન-કોગ્નીઝેબલ ગુના પોલીસના પોર્ટલ, ઍપ્લિકેશન, ઈ-મેલ કે વોટ્સ એપથી ઓનલાઇન નોંધાવી શકાય છે. ઓનલાઇન ફરિયાદના ત્રણ દિવસમાં ફરિયાદીને પોલીસ સ્ટેશન બોલાવાય છે. ફરિયાદી ત્રણ દિવસમાં આવ્યા કે બોલાવાયા કે નહીં તેમજ ફરિયાદીને બોલાવાયા ન હોય તો ઓનલાઇન ફરિયાદનો નિકાલ થયો કે કેમ? તે અંગે અમદાવાદના તમામ પોલીસ સ્ટેશનો પાસે વિગતો મંગાવવામાં આવી છે.

સપ્ટેમ્બરથી નવેમ્બર, ત્રણ મહિના દરમિયાન ઓનલાઇન ફરિયાદો અંગે શું કાર્યવાહી થઈ તેનો રિવ્યુ ડીજીપી દ્વારા યોજાનારી ક્રાઇમ કોન્ફરન્સમાં કરવામાં આવનાર છે.

ઉચ્ચ અધિકારી સૂત્રોએ જણાવ્યું કે, કોઈપણ સ્થળનું લાઇવ અને વાસ્તવિક પંચનામું આ ઍપ્લિકેશનથી વાસ્તવિક સમયે જ સીધું કોર્ટમાં જમા થઈ જાય છે. સાક્ષ્ય ઍપ્લિકેશનથી રજૂ થયેલા પંચનામામાં સાક્ષી અને પંચનામાના વીડિયો હોય છે જે ઈ-પુરાવા ગણાય છે. આવા ઈ-પુરાવાથી સાક્ષી હોસ્ટાઇલ થવાની કે નકલી સાક્ષી રજૂ થવાની ઝંઝટ દૂર થવા સાથે જ અદાલતમાં કેસોનો ઝડપી નિકાલ થશે અને કેસોમાં સજાનું પ્રમાણ વધશે. પંચો ફોડવા સહિતની પ્રવૃત્તિ કરતાં આરોપીઓની કારી હવે ફાવશે નહીં.

### કાલ સવારે ૧૦ થી સાંજે ૫ કલાક સુધી

# ૭૦ વર્ષથી વધુ વયના વડીલ માવતરો માટે વયવંદના આયુષ્યમાન કાર્ડનો કેમ્પ

## શીતલ પાર્ક પાસે આવેલ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજાશેઃ મુકેશ દોશીઃ આધાર કાર્ડ અને તેની સાથે લીંક મોબાઈલ નંબર હોય તે સાથે લાવવાનો રહેશેઃ અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા

રાજકોટ,તા.૧૭

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારીયાદીમાં જણાવવામાં આવેલ છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલ વચન મુજબ ભારતના ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમર ધરાવતા વડીલોને અસાધ્ય બિમારીના સમયે આર્થિક બોજ સહન ન કરવો પડે અને તેમને રૂપિયા પાંચ લાખની મફત સારવાર મળી રહે તે માટે વય વંદના આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજય) સમગ્ર દેશમાં લાગુ પાડવામાં આવી છે. વડાપ્રધાનશ્રીની આ વયવંદના આયુષ્યમાન કાર્ડની યોજના દ્વારા બુઝર્ગોના હાથની મજબુત લાકડી બનવાનો વિનમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે અને તેનું સમગ્ર દેશમાં હાલ નોંધણીનું કાર્ય ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીસાહેબના દરેક સ્વપનને સાકાર



કરવાની અને તેમાં હંમેશા અગ્રેસર રહેવાની નેમ સાથે ગુજરાત રાજયનું સુકાન સંભાળતા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજયનાં તમામ ૭૦ કે તેથી વધુ વય ધરાવતા તમામ વડીલ માવતરોને તેમની આવકને ધ્યાનમાં લીધા વગર મફત તબીબી સહાય મળી રહે અને

તેમને અને તેમના પરિવારને મોટું આર્થિક ભારણ સહન ન કરવું પડે તે માટેના વયવંદના આયુષ્યમાન ભારત કાર્ડ સરળતાથી મળી રહે તે માટે વધુને વધુ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા કોઈપણ લાયક વડીલો આ યોજનાથી વંચિત ન રહી જાય તે માટેની સુચારૂ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલ છે. ભારતના સ્વપનદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આ અભિયાનને સાકાર કરવાના એક પ્રયાસરૂપે રાજકોટ શહેર ભાજપ દ્વારા વયવંદના આયુષ્યમાન ભારત કાર્ડ કાઢી આપવાના એક કેમ્પનું તા. ૧૮/૧૨ બુધવારના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી ૧૫૦ ફુટ રીંગ રોડ, શીતલ પાર્ક ખાતે આવેલ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પની સમગ્ર વ્યવસ્થા તથા આયોજન શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પરિમલ પરડવા તેમજ પુજાબેન પટેલ દ્વારા શહેર ભાજપ સોશીયલ મીડીયા સેલના રાજકોટ મહાનગરના સંયોજક હાર્દિક બોરડ અને શહેર આઈ.ટી.સેલના સહસંયોજક જય શાહ અને સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના રાજકોટ શહેર સંયોજક શ્યામભાઈ ડાભી અને તેની સમગ્ર ટીમ અને આરોગ્ય વિભાગના સહયોગથી કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં વયવંદના આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવાં માંગતા ૭૦ વર્ષ કે તેથી વધુ વયના વડીલોએ આધાર કાર્ડ અને તેની સાથે લીક થયેલ મોબાઈલ નંબરવાળો મોબાઈલ ફરજીયાત સાથે લાવવાનો રહેશે. આ કેમ્પમાં બેસવાની કે ચાલવાની તકલીફ હોય તેના માટે વ્હીલચેરની પણ વ્યવસ્થા કાર્યાલય ખાતે કરવામાં આવેલ છે તેમજ તમામ વડીલો માટે ચા-કોફીની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# નવેમ્બરમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૧.૮૯% થયો

### ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે આવું થયું; ઓક્ટોબરમાં ૨.૩૬% હતો

નવી દિલ્હીઃ નવેમ્બર મહિનામાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૧.૮૯% પર આવી ગયો છે. અગાઉ ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવો ૨.૩૬ ટકા હતો. સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ ફુગાવો ૧.૮૪% હતો. શાકભાજી અને ખાદ્યપદાર્થોના ભાવ ઘટવાના કારણે મોંઘવારી ઘટી છે.

ખાદ્યપદાર્થો અને પ્રાથમિક વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છેઃ દૈનિક આવશ્યક ચીજવસ્તુઓનો મોંઘવારી દર ૮.૦૯%થી ઘટીને ૫.૪૯% થયો છે. ખાદ્ય પદાર્થોનો ફુગાવો ૧૧.૫૯%થી ઘટીને ૮.૯૨% થયો. ઇંધણ અને પાવરનો જથ્થાબંધ ફુગાવાનો દર -૫.૭૯%થી ઘટીને -૫.૮૩% થયો.



મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ ફુગાવાનો દર ૧.૫૦%થી વધીને ૨.૦૦% થયો. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીની જથ્થાબંધ ફુગાવાની સ્થિતિ

જથ્થાબંધ ફુગાવામાં લાંબા સમય સુધી વધારાની મોટા ભાગના ઉત્પાદક ક્ષેત્રો પર નકારાત્મક અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખે છે. સરકાર માત્ર કર દ્વારા જ ડબલ્યુપીઆઈને નિયંત્રિત કરી શકે છે.

ઉદાહરણ તરીકે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઇંધણ પરની એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જો કે, સરકાર માત્ર એક મર્યાદામાં જ ટેક્સમાં ઘટાડો કરી શકે છે. માં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનને વધુ વેઈટેજ આપવામાં આવે છે.

પ્રાથમિક લેખ જેનું વજન ૨૨.૬૨% છે. ઇંધણ અને પાવરનું વેઈટેજ ૧૩.૧૫% છે અને ઉત્પાદિત ઉત્પાદનોનું વેઈટેજ સૌથી વધુ ૬૪.૨૩% છે. પ્રાથમિક લેખમાં પણ ચાર ભાગો છેભારતમાં ફુગાવાના બે પ્રકાર છે. એક રિટેલ અને બીજું જથ્થાબંધ ફુગાવો. છૂટક ફુગાવાનો દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત છે. તેને કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ () પણ કહેવામાં આવે છે. જ્યારે, જથ્થાબંધ ભાવ સૂચકાંક ()નો અર્થ એ છે કે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી જે ભાવ વસૂલ કરે છે.

# ૧૦ વર્ષમાં રૂા.૧૨.૩ લાખ કરોડનું ધિરાણ બેન્કોએ માંડવાળ કર્યુંઃ સ્વીકાર

### જાહેર ક્ષેત્રની બેન્કોનું એનપીએ હજું ૩.૧૬ લાખ કરોડ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા મોખરે

નવી દિલ્હી દેશની સરકારી સહિતની બેન્કોમાં ધિરાણ લીધા બાદ નાણા નહી ભરનાર પાસેથી રીકવરીના પ્રયાસોમાં નિષ્ફળતા પરના બેન્કોએ લાંબાગાળે આ પ્રકારના ધિરાણને માંડવાળ કરવા પડે છે. જો કે વચગાળાની એક વ્યવસ્થા મુજબ બેડ બેન્ક ની રચના કરવામાં આવી છે.

જેમાં બેન્કો તેના નહી વસુલાતા ધિરાણ થોડા ડિસ્કાઉન્ટ સાથે આ બેડ-બેન્કોને વેચે છે અને આ રીતે તેના બેલેન્સશીટ કલીયર કરે છે. આ તમામ વચ્ચે પણ ૨૦૧૫થી ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં બેન્કોએ રૂા.૧૨.૩ લાખ કરોડના ધિરાણ માંડવાળ કર્યા છે.

જેમાં રૂા.૬.૫ લાખ કરોડની રકમ તો જાહેર ક્ષેત્રની બેન્કોની છે. સંસદમાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, ૨૦૧૯ના નાણાકીય વર્ષમાં ૨.૪ લાખ કરોડના દેવા માંડવાળ કરવામાં આવ્યા હતા. જયારે ૨૦૨૪માં આ રકમ ૧.૭ લાખ કરોડની હતી.બેન્કોનું કુલ ધિરાણ રૂા.૧૬૫ લાખ કરોડનું ૨૦૨૩/૨૪ના નાણાકીય વર્ષમાં રહ્યું છે. સંસદમાં નાણા રાજયમંત્રી શ્રી પંકજ ચૌધરીએ આપેલા જવાબમાં જણાવ્યું કે જાહેર ક્ષેત્રોની બેન્કોનું એનપીએ (નોન પર્ફોર્મીંગ એસેટસ) રૂા.૧૬૩૩૧ કરોડનું રહ્યુ છે. જયારે ખાનગી ક્ષેત્રનું એનપીએ રૂા.૧૩૪૩૩૯ કરોડનું રહ્યું છે. સ્ટેટ બેન્ક જે દેશમાં બેન્કીંગ ક્ષેત્રમાં સૌથી વધુ હિસ્સો ધરાવે છે તેના દ્વારા ૨૦૧૫થી ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં રૂા.૨ લાખ કરોડનું ધિરાણ માંડવાળ થયુ છે.

## માનવીનો ભાવનાત્મક વિકાસ જરૂરી છેઃ સ્વામી પરમાત્માનંદજી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ઓપન એર થિયેટર ખુલ્લું મુકાયું

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત ઓપન એર થિયેટરને ખુલ્લું મૂકતા સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે, ‘‘ માનવીનો ભાવનાત્મક વિકાસ થાય એ આવશ્યક છે. આજે સમાજમાં ત્યાગનો , સંવેદનશીલતાનો દુકાળ છે. પેહલા સંસાધન ઓછા હતા પણ એકબીજાને મદદ કરવાની ખેવના વધુ હતી અને આજે સમૃદ્ધિ વધી છે પણ માનવીનો ભાવનાત્મક વિકાસ થતો નથી. ભારતની ઓળખ બને એવા ભાવનાત્મક વિકાસની જરૂરી છે.‘‘ સ્વામીજીએ આ પ્રસંગે મનુભાઈ વોરાનાં પરિવારનાં સમાજ પ્રત્યેનાં અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, ‘‘હું રાજકોટમાં આવ્યો ત્યારથી એટલે કે ૩૫ વરસથી આ પરિવાર પાસે કોઈ જાય તો ખાલી હાથે પાછું ના ફરે એવું સાંભળતો આવ્યો છું અને આજે પણ પરિવારમાં એ ભાવના અકબંધ છે. અલ્કાબેન વોરા અને અજયભાઈ જોશી હરદમ સેવા માટે તત્પર રહે છે. વોરા પરિવારના મોભી મનુભાઈ વોરાના નામે આજે ઓપન એર થિયેટર બન્યું છે એ આનંદની વાત છે કારણ કે, કળા અને સાહિત્ય વિના માનવી પશુ બનીને રહી જાય છે. ‘‘આ પ્રસંગે રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે કહ્યું હતું કે,‘‘ મનુભાઈ વોરા પરિવાર સાથે અમારા પરિવારનો વર્ષોનો નાતો છે. એમનું ઘર અમારા માટે બીજું ઘર છે. એમણે પોતાની મોટાભાગની સંપત્તિ સમાજ માટે અર્પણ કરી છે એ પ્રેરણાદાયી છે.‘‘ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ. કલ્પકભાઈ ત્રિવેદીએ




મનુભાઈને યાદ કરતા કહ્યું હતું કે, ‘‘અમે ગમે ત્યારે કોઈ કામ માટે એમની ઓફિસે જતા હોઈએ તો એ અમને જોઈ તુરંત કહેતા કે, બોલો શું મદદ જોઈએ છે? અને આજેય એમનો પરિવાર સેવા ક્ષેત્રે એટલો જ સક્રિય છે.‘‘ કલ્પકભાઈએ આજના કાર્યક્રમને પંચામૃત સમાન ગણાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના નિર્માણનાં સમયને અને સોસાયટીની સ્થાપનામાં જેમની ખૂબજ મહત્વની ભૂમિકા રહી છે એવા આર. ડી. આરદેશણા, સ્વ . વી. એચ. જોશી, , યુ. એન. પંડ્યા અને તેઓની સમગ્ર ટીમને યાદ કર્યા હતા. અને સમાજ તરીકે સૌ સાથે મળી જીવીએ , સમાજ માટે કૈક કરી છૂટીએ એવો અનુરોધ પણ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ કર્યો હતો. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક અન વાયબ્રન્ટ નગર સેવક શ્રી મનીષભાઈ રાડીયા અને કરુણા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ શ્રી મિતલભાઈ ખેતાણી પણ ઉપસ્થિત હતા. મનુભાઈ વોરા પરિવારનાં મહેન્દ્રભાઈ વોરા અને અન્યો પણ ઉપસ્થિત હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરાએ ઋણ સ્વીકાર કરેલો. આ કાર્યક્રમમાં સોસાયટીનાં ઉપાધ્યક્ષ સજી મેથ્યુ , સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજયભાઈ જોશી ઉપસ્થિત હતા. અને વાઈસ ચેરમેન અને વરિષ્ઠ પત્રકાર કૌશિક મહેતાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# સિઝન ભરપૂર યાર્ડમાં ૧ લાખ ગુણી મગફળીનો ઢગલો

### આવક બંધ કરાઈ કપાસની પણ ૮૫૦૦ ભારીની આવક



રાજ્યમાં ખરિફ સિઝન હજુ ભરપૂર છે અને યાર્ડમાં કૃષિ જણસીઓના ઢગલા થઈ જ રહ્યા છે. યાર્ડમાં ચિક્કાર માલ ઠલવાતો હોવાથી આવક અટકાવવાની નોબત છે. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે મગફળીની આવકથી છૂટ્ટુ આપવામાં આવતા જ વાહનોની ૯ કીમી લાંબી લાઇન થઇ ગઇ હતી. ૯૦૦ જેટલા વાહનો મારફત એક લાખ ગુણીથી વધુ મગફળી ઠલવાઇ હતી. આ ઉપરાંત કપાસમાં પણ ૮૫૦૦ ભારી મગફળીની આવક થઇ હતી. યાર્ડના ચેરમેન સહિતના ડાયરેક્ટરો તથા સ્ટાફ વ્યવસ્થા જાળવવા માટે કલાકો સુધી હાજર રહ્યો હતો.

યાર્ડમાં હરરાજીમાં મગફળીના ભાવ ૮૮૦ થી ૧૨૫૧ સુધીના પડ્યા હતા. કપાસના ૧૩૦૦ થી ૧૪૭૭ના ભાવ હતા. સોયાબીન, તલી જેવી ચીજોમાં પણ નોંધપાત્ર આવક હતી.

# ભાદર -૧ ડેમમાંથી પિયત માટે પાણી છોડવામાં આવ્યું

## જેતપુર,ધોરાજી,જુનાગઢ,સહિત ૪૬ ગામના ખેડૂતોને થશે ફાયદો

જેતપુર,તા.૧૭

રાજકોટ જિલ્લાના જેતપુર નજીક આવેલ ભાદર -૧ માંથી ખેડૂતોને રવિ પાકના પિયત માટે પાણી છોડવામાં આવ્યું છે. જેતપુર પાસે આવેલ ભાદર -૧ ડેમમાં પીવાના પાણી માટેનો પણ જથ્થો અનામત કરાયો છે.ભાદર ૧ ડેમ ની કુલ સપાટી ૩૪ ફૂટ ની ધરાવતો અને ૬૬૪૮ પાણી ની કુલ ક્ષમતા ધરાવે છે.





સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા ડેમ ભાદર એક ડેમમાંથી ખેડૂતો માટે ખેત સિંચાઈ અર્થે ભાદર સિંચાઈ વિભાગ દ્વારા છ પાણ (સિંચાઈ માટેનું પાણી )છોડવામાં આવેલ છે.ભાદર-૧ ડેમ સિંચાઈ ની સૌથી મોટી કેનાલ ૧૯૫ કિમી ધરાવે છે. ભાદર-૧ ડેમમાંથી રાજકોટ મહાનગરપાલિકા અમરનગર જૂથ યોજના, કાગવડ જૂથ યોજના, ગોંડલ તાલુકા ના ૪ જૂથ યોજના હેઠળ ૬૫ જેટલા ગામના ૧૮ લાખથી વધુ લોકોને પીવાના પાણીનો આધાર ભાદર-૧ ડેમ છે.કુલ છ પાણ આપવાનું ભાદર સિંચાઈ વિભાગ દ્વારા આયોજન કરાયું છે.જેમાં જેતપુર,ધોરાજી, ઉપલેટા અને જુનાગઢ સહિત આસપાસ ના કુલ ૪૬ જેટલા ગામોની જમીનને થશે પિયત નો લાભ ૮૫૦૦ હેકટર જમીન ને પિયત માટે નો થશે લાભ હાલ ૨૪૦૦ જેટલા ખેડૂતોએ સિંચાઈ વિભાગની કચેરીએ ફોર્મ ભરીને પાણી માટેની માંગ કરી હતી.

આ અંગે ભાદર ડેમના સિંચાઈ યોજના ના નાયબ કાર્યપાલક ઈજનેરે એન.બી. સિંધલ એ જણાવ્યું હતું કે. ૧૫૦ ક્યુસેક પાણી કેનાલ મારફતે છોડવામાં આવ્યું છે. ખેડૂતોને ખેતી માટે યોગ્ય પ્રમાણમાં પાણી મળી રહે અને પાક સૂકાય નહીં તે માટે તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો કે સિંચાઈ માટે કુલ છ વાર ખેડૂતોને પાણી આપવામાં અવેશે. કેનાલ આધારિત સિંચાઈના પિયતનો લાભ મળશે.

ભાદર સિંચાઈ યોજના મારફતે પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવતા ખેડૂતોએ આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ પિયતના કારણે પાકને ફાયદો થયો હોવાનું પણ જણાવ્યું હતું.

# લગ્નપ્રસંગોમાં કપડા ભાડે આપતા વેપારીની મોટી કરચોરી ૧૫ કરોડના વ્યવહારોનો પર્દાફાશ

## ૪૩ વેપારીની ૬.૭૦ કરોડની ટેક્સચોરી તથા ૮.૫૦ કરોડની કર જવાબદારી પકડાઇ




રાજકોટ, તા.૧૭

લગ્નપ્રસંગો નવા-નવા ઈવેન્ટને કારણે લાંબો ચાલે છે અને અનેકવિધ પ્રસંગોમાં જુદા-જુદા ડ્રેસ પહેરવાના થતાં હોવાથી આવા કપડા ભાડે મેળવવાનો ટ્રેન્ડ વધી રહયો છે. કપડા ભાડે આપતા વેપારીઓ મોટી જીએસટી ચોરી કરતાં હોવાનું ધ્યાને આવતા તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા અને તેમાં ૬.૭૦ કરોડની કરચોરી પકડી પાડવામાં ₹ આવી હતી.

જીએસટી વિભાગના સતાવાર સૂત્રોએ કહ્યું કે ગ્રાહકોને ડિઝાઈનર ડ્રેસ, સુટ તથા એસેસરીઝ સહિતના વસ્ત્રો ભાડે આપવાના વેપાર સાથે સંકળાયેલા ૪૩ વેપારીઓ પર રાજ્ય વ્યાપી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સતત બે-ત્રણ દિવસ હિસાબી બાબતોની ઉંડી તપાસ કરવામાં આવી હતી અને તેમાં ૬.૭૦ કરોડથી વધુની કરચોરીનો પર્દાફાશ થયો હતો.

રાજ્યના ૯ શહેરોમાં હાથ ધરાયેલા ઓપરેશન દરમ્યાન બિનહિસાબી વેચાણ તથા વેરાની ઓછી જવાબદારી દર્શાવવા સહિતની ગેરરીતિ પ્રકાશમાં આવી હતી. ૬.૭૦ કરોડની ટેક્સચોરી તથા ૮.૫૦ કરોડની ટેક્સ જવાબદારી પકડી પાડવામાં આવી હતી. વધુ તપાસમાં ટેક્સચોરી-જવાબદારીનો આંકડો વધી શકે છે.

લગ્ન સહિતના પ્રસંગોમાં કપડા ભાડે આપતા વેપારીઓ દ્વારા થતી ટેક્સ ચોરી અને તેના કારસ્તાનોથી વેરા વિભાગ પણ ચોંકી ઉઠ્યું હતું. સવારે બાતમીના આધારે સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા. રાજકોટ, રાજકોટ સહિતના શહેરોના વેપારીઓને નિશાન બનાવ્યા હતા.

## રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક તા.૨૧ ડિસેમ્બરે યોજાશે



રાજકોટ તા. ૧૬ ડિસેમ્બર - રાજકોટ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૪ શનિવારના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના મુખ્ય સભાખંડ યોજાશે.

આ બેઠકમાં ફરીયાદ સમિતિમાં રજૂ થયેલા પ્રશ્નોની સુનાવણી તેમજ સમીક્ષા કરાશે. બેઠકમાં ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમ પ્રોટોકોલ મામલતદારશ્રી રાજકોટની યાદીમાં જણાવ્યું છે.

## જંત્રી દર-સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવા આપનું આવેદનપત્ર

### હાલના ૪.૯ ટકા સ્ટેમ્પ ડ્યુટીને રૂ.300ના સમતલ રાખવા માંગણી



રાજકોટ, તા.૧૭

સરકારે જંત્રી દરોમાં સૂચીત ભાવ વધારા સામે આમ આદમી પાર્ટીના આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ખેડૂતો, વિકાસકર્તા અને મધ્યમ વર્ગને ધ્યાને થઇ જંત્રી દર, સ્ટેમ્પ ડ્યુટી અને સંબંધિત ખર્ચમાં ઘટાડો કરવા માટે વિવિધ મુદાસરની રજુઆત કરી છે.આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે નવા ટેન્યુરથી જુના ટેન્યુર કંધવર્જન ચાર્જમાં ઘટાડો હાલના દર 30 ટકાથી ઘટાડીને ૫ થી ૭ ટકા કરવા, જુના ટેન્યુરથી નોન એગ્રીકલ્ચર કન્વર્જન ચાર્જમાં ઘટાડો હાલનો દર ૪૦ ટકા ઘટાડી ૫ થી ૭ટ કરવો એફએસઆઇના ચાર્જમાં અને વિકાસ કરાર પર સ્ટેમ્પ ડ્યુટી હાલના ૪.૯ ટકા ડ્યુટીને રૂ.300ના સમતલ દરથી બદલી દેવાથી ડેવલપર પર નાણાંકિય ભારણ ઘટશે. પ્રોજેક્ટ કરાર સરળ બનશે. ૪૦ વર્ષ પછી પ્રથમ ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટીને દુર કરવી.

ખેડૂતો માટે કરવેરા ઘટાડા સાથે વ્યાજબી જંત્રી દર એડજસ્ટમેન્ટ કરવા કરબોજો ઘટાડવો જંત્રી દરમાં સુધારો થતાં રિયલ એસ્ટેટ અને વિકાસને પ્રોત્સાહન મળશે સ્થગિત પ્રોજેક્ટો ફરી શરુ થશે. ઉપરોક્ત મહત્વ મુદ્દાઓને ધ્યાને લઇ ઘટતી કાર્યવાહી કરવા આપ પાર્ટીના શહેર સંગઠન મંત્રી સંજયસિંહ વાઘેલા, પ્રણવ ચંદારાણા, સ્ટેટ પ્રમુખ ઇસુદાન ગઢવીએ રજુઆતમાં જણાવ્યું છે.

## ત્રણ દિવસમાં વધુ ૯૨ વેપારી પાસેથી ઝબલા જપ્ત

### ઉત્પાદકોને બેફામ વેંચાણની છુટ છુટક બજારમાં ખુલ્લેઆમ ઉપયોગ




રાજકોટ, તા.૧૮

મનપાની સોલીડ વેસ્ટ શાખાએ ત્રણ દિવસમાં જુદા જુદા વિસ્તારમાં ૯૨ ધંધાર્થી પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યુ હતું. લાંબા સમયથી ચાલતી ડ્રાઇવ છતાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા કે સપ્લાય કરનારાને કાયદાનો કોઇ ડર ન હોય તેવું રોજબરોજની અને હવે કાયમી થઇ ગયેલી કામગીરી પરથી લાગી રહ્યું છે.

સેન્ટ્રલ ઝોનમાં ૩૩, વેસ્ટ ઝોનમાં ૨૪, ઇસ્ટ ઝોનમાં ૩૫ ધંધાર્થી પાસેથી કુલ ૫.૮ કિલો ઝબલા સહિતના પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યા હતા. તો ગંદકી કરતા આસામીઓ પાસેથી રૂા. ૨૨૨૫૦નો દંડ લેવામાં આવ્યો હતો. પ્લાસ્ટિક વિરોધી આ ડ્રાઇવ પર્યાવરણ માટે યોગ્ય છે.

સરકારે આ માટે જ કાયદા બનાવ્યા છે અને મહાપાલિકા તેનો અમલ કરી રહી છે. પરંતુ કોર્પો. તંત્ર કે સરકારના અન્ય તંત્રો પ્લાસ્ટિક આવે છે કયાંથી તે જાણવા છતાં કામગીરી કરતા નથી. મનપાની હદ બહાર સ્થાનિક તંત્ર કામગીરી કરી શકતું નથી. આથી જોખમી પ્લાસ્ટિક બજારમાં અને દુકાનોથી માંડી રેંકડીમાં આવતું રહે છે અને કોર્પો.ની ટીમ રોજિંદી કામગીરી અને નોકરી પૂરી કરી પ્લાસ્ટિક પકડીને બીજા દિવસે બીજા વિસ્તારમાં નીકળી પડે છે. ખાણીપીણીની લારીઓમાં આવા પ્લાસ્ટિકનો ખુબ ઉપયોગ થાય છે. ચાથી માંડી ચટણી ભરવા આવું પ્લાસ્ટિક વપરાય છે તો નાસ્તો પેક કરવા નિયત ધોરણથી ઓછા માઇક્રોનના ઝબલા વપરાતા રહે છે. કયારેક કયારેક સોલીડ વેસ્ટ વિભાગ પ્લાસ્ટિકના જથ્થાબંધ વિક્રેતાઓને ત્યાં દરોડા પાડે છે. પરંતુ પ્લાસ્ટિકની સપ્લાય બંધ થતી નથી. રાજકોટની આજુબાજુ ૧૫ થી ૨૦ કિ.મી. અને અમુક દુરના શહેરોમાંથી પણ આવું પ્લાસ્ટિક બનીને આવતું રહે છે. અમુક બજારમાં તો ફેરીયાઓના બાંધેલા ગ્રાહક હોય છે.ફ્રુટ અને શાકભાજીની લારીઓમાં પણ આવું પ્લાસ્ટિક મળતું રહે છે. જોકે ઝબલાનો કોઇ વિકલ્પ નથી તે હકીકત છે. પરંતુ રોજની આ સંતાકૂકડીથી પ્લાસ્ટિકના કાયદાનો હેતુ સરતો નથી તે પણ વાસ્તવિકતા છે.

# બોગસ દસ્તાવેજ કૌભાંડમાં સીટી પ્રાંત - ૧ અધિકારીને તપાસ સોંપતા કલેક્ટર

રાજકોટ, તા.૧૬

બોગસ દસ્તાવેજ કૌભાંડમાં રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ એક્શનમાં આવી આ પ્રકરણમાં સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારને તપાસ સોંપી દીધી છે. જેમાં ખોટી નોંધ પડી હોય તો તે રદ્દ? કરી રીપોર્ટ કરવા આદેશ આપેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ઝોનલ-૧ની સબ રજિસ્ટ્રાર કચેરીમાં વર્ષ ૧૯૫૦ થી ૧૯૭૨ સુધીના ૧૭ દસ્તાવેજો સાથે છેડછાડનું કૌભાંડ ઉજાગર થતાં જ ઝોનલ-૧ સબ રજિસ્ટ્રાર કચેરીના અધિકારી અતુલ દેસાઈએ આ મામલે પોલીસ ફરિયાદ કરતા આ કચેરીના સુપરવાઈઝર હર્ષ સોની, કોમ્પ્યુટર ઓપરેટર જયદિપ ચાવડા અને એડવોકેટ કિશન ચાવડા સામે ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરુ કરી છે.




રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ચકચારી બનેલા આ કૌભાંડના મુળ સુધી પહોંચવા પોલીસે કવાયત શરુ કરી દીધી છે તેની સાથોસાથ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ એક્શન મોડમાં આવી આ પ્રકારની તપાસ વર્ગ-૧ના અધિકારી સીટી પ્રાંત-૧ ચાંદની પરમારને સોંપી દીધી છે.

બોગસ દસ્તાવેજ કૌભાંડમાં ગામતળના નમુના નં.૨ અને ૭માં પણ જો ખોટી નોંધ પડી છે કે કેમ? તેની પણ તપાસ કરવા અને જો ખોટી નોંધ પડી હોય તો તે રદ્દ? કરી રીપોર્ટ કરવા માટે કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

કલેક્ટરના આ આદેશના પગલે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર સહિત મામલતદારો અને મહેસુલી અધિકારીઓ દ્વારા તપાસનો દોર હાથ પર લેવામાં આવેલ છે.દરમિયાન આ અંગે કલેક્ટર પ્રભવ જોશીનો સંપર્ક કરાતા તેઓએ પણ જણાવ્યું હતું કે સબ રજિસ્ટ્રાર કચેરીના ૧૭ દસ્તાવેજો સાથે થયેલી છેડછાડના મામલે પ્રાંત-૧ અધિકારીને તપાસ સોંપી દેવામાં આવી છે. જે બાદ હવે પ્રાંત-૧ અધિકારીની તપાસના અંતે આ પ્રકરણમાં વધુ વિગતો ઉજાગર થશે. સબ રજિસ્ટ્રાર કચેરી ઝોનલ-૧ કચેરીના ૧૭ દસ્તાવેજો સાથે છેડછાડનું મોટું કૌભાંડ ખુલ્યા બાદ રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીનો જેઓની પાસે ચાર્જ છે તેવા પૂર્વ વિભાગના મામલતદાર એસ.જે. ચાવડા દ્વારા આવી જ વધુ એક ફરિયાદ પોલીસમાં દાખલ કરી દીધી છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

## તા. ૧૮-૧૨ થી ૨૨-૧૨ સુધી સંગીત સંધ્યાનું આયોજન



રાજકોટ,તા.૧૭

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૧૮/૧૨/૨૪ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે" ફ્રેન્ડ્સ ગ્રુપ "દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે .અને તા.૧૯/૧૨/૨૪ ગુરુવાર નાં રોજ ૫: ૩૦ કલાકે જયસેન મ્યુઝીકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૨૦/૧૨/૨૪ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે" મેલોડી માસ્ટર" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તથા તા.૨૧/૧૨/૨૪ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુર શબ્દમ મ્યુઝીકલ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા.૨૨/૧૨/૨૪ ને રવિવાર નાં રોજ ૫: ૩૦ કલાકે સ્વર સાધના મ્યુઝીકલ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે .તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે .તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી .કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, નીલાબેન હિડોચા, જગદીશભાઈ સુરાણી, ઈતુભાઈ સવાણી, રેખાબેન ગઢીયા, એચ.પી.પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા ધો. ૧૦--૧૨ના તેજસ્વી તારલાઓને સન્માનવા 'જ્ઞાનરત્ન અભિવાદન સમારોહ' યોજાયો

## ધારાસભ્ય ઉદય કાનગડ, મુકેશભાઈ દોશી, નયનાબેન પેઢડીયા, અશ્વીન મોલીયા, વલ્લભભાઈ દુધાત્રા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

રાજકોટ,તા.૧૭

વિધાનસભા-૬૮ના ધો. ૧૦ અને ધો.૧૨ના માર્ચ-૨૦૨૪ના બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને શુભેચ્છા અર્પવાના આશયથી તેમને સન્માનવા ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા ધ્વારા શહેરના આર્યનગર કોમ્યુનીટી હોલ ખાતે 'જ્ઞાનરત્ન અભિવાદન સમારોહ' યોજાયો હતો.આ સમારોહનો મંચસ્થ અગ્રણીઓ ધ્વારા દિપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, પુજાબેન પટેલ, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ઘરોડીયા, પરીમલ પરડવા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના ગુજરાત રાજયના ઝોન ઉપપ્રમુખ મેહુલભાઈ પરડવા, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ બેડીપરા ઝોનના રામભાઈ ગરૈયા, નરેન્દ્રભાઈ ભાડલીયા, સુરેશભાઈ વ્યાસ, દિપકભાઈ ચોવટીયા, વિશાલભાઈ હિરાણી, અમૃતભાઈ માલી, મનસુખભાઈ કોદાળા, મહેશભાઈ ડોલર, કોર્પોરેટરશ્રીઓ કાળુભાઈ કુંગશીયા, રસીલાબેન સાકરીયા, મંજુબેન કુંગશીયા, પરેશ



પીપળીયા(પી.પી.), ભાવેશ દેથરીયા, કંચનબેન સિધ્ધપુરા, રૂચીતાબેન જોશી, વોર્ડ પ્રભારીઓ જે.ડી. ભાખર, દુષ્યંત સંપટ, રસીકભાઈ પટેલ, વરજાંગભાઈ હુંબલ, વોર્ડપ્રમુખ-મહામંત્રીશ્રીઓ કાનાભાઈ ડંડૈયા, પરેશ લીબાશીયા, અંકિત દુધાત્રા, રાજેશ લીલા, ભરત લીબાશીયા, હિતેશ મઢીયા, દિનેશભાઈ ડાંગર, મુકેશ ધનસોતા, અનિલ ચૌહાણ, હરેશ ધંધુકિયા, મૌલિક પરમાર તેમજ મહિલા મોરચાના દેવીકાબેન રાવલ, કિશાન મોરચાના ભરત રાદડીયા, બક્ષીપંચ મોરચાના બાબુભાઈ માટીયા, અનુ.જાતી મોરચાના રતાભાઈ પરમાર, શિક્ષણ સમિતિના વીરમભાઈ સબાડ તેમજ મનસુખભાઈ પીપળીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે સ્વનિર્ભર શાળા સંચાલકની ૩૬થી વધુ શાળાના ૭૮૯ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે જીવનની સફરમાં સાચી દિશા મળે તો જ નિશ્રિત મંજિલ સુધી પહોંચી શકાય છે. સમાજને સંપૂર્ણપણે સુખમય અને સમૃધ્ધ બનાવવા માટે શિક્ષણ એક અતિ મહત્વનું પરિબળ છે.₹

# રમકડા હોય કે સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તક મનપાની લાયબ્રેરીમાં તમામ સાહિત્ય હાજર

## એક મહિનામાં પુસ્તકાલયોની મુલાકાત લેતા ૩૯ હજાર લોકોઃ પુસ્તકોની ખરીદી ચાલુ



રાજકોટ, તા. ૧૬

મનપા દ્વારા સંચાલિત જુદી જુદી લાયબ્રેરી, મોબાઇલ લાયબ્રેરીનો એક મહિનામાં ૩૯ હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો. કે.જી.થી માંડી પી.જી. અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો પણ આ સુવિધાના મહત્વના લાભાર્થી બની રહ્યા છે. મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક,શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નં. ૨ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઇ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાંચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી,ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ દરમ્યાન કુલ ૩૯,૮૬૮ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૩૦૧ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. નવેમ્બર માસ દરમ્યાન ૯૭૪ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવી છે.

### શિયાળાની ઠંડીની સિઝનમાં સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ માટે

# થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે રકતદાન કેમ્પ કરવા અપીલ

## દર્દીઓ, થેલેસેમીયા પીડિત બાળકોનાં જીવન બચાવવાની અમૂલ્ય તકઃ સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં તમામ બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત




રાજકોટ,તા.૧૭

શિયાળાની ઠંડીની સિઝનમાં સીવીલ હોસ્પિટલમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે. સિવિલ હોસ્પીટલ બ્લડ બેન્ક, વિભાગ-૬, ગ્રાઉન્ડ ફ્લોર, નવી ઓપીડી બિલ્ડીંગ, રાજકોટ ખાતે સવારે ૯-૦૦ થી સાંજના ૮-૦૦ વાગ્યા સુધી વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક આપનાં સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. અત્યારની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઈ ગઈ છે. જે રકતદાન કેમ્પો થાય છે ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. શિયાળાની ઠંડીની સિઝનમાં રકતદાન કેમ્પો સાવ ન્યુનતમ થવાના છે.

# ગુજરાતમાં ભૂગર્ભજળ હવે પીવાલાયક નથી, ૨૫ જિલ્લામાં ફ્લોરાઇડનું પ્રમાણ વધ્યું, ગંભીર બીમારીના દર્દી વધ્યા



**ફ્લોરાઇડના લીધે સાંધા–હાડકા, દાંત, ચામડી ઉપરાંત પેટના રોગીઓ વધ્યા**

ગુજરાતમાં આડેધડ થતાં બોરવેલ પર કોઈ નિયંત્રણ રહ્યું નથી પરિણામે બેફામ રીતે ભૂગર્ભજળ ઉલેચાઈ રહ્યું છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભૂગર્ભજળનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે તેમ છતાંય કોઈ જોનાર નથી. ભૂગર્ભજળ પાછળ સરકાર કરોડોનું આંધણ કરી રહી છે, છતાંય પાણીના તળ ઊંચા આવી શક્યા નથી. બીજી તરફ તળિયા ઊંડે જઈ રહ્યા છે જેથી ભૂગર્ભજળ હવે પીવાલાયક પણ રહ્યું નથી. ખુદ કેન્દ્રીય જળશક્તિ વિભાગે એ વાતનો ખુલાસો કર્યો છે કે, ગુજરાતમાં ૨૫ જિલ્લાઓમાં ભૂગર્ભજળમાં ફ્લોરાઇડની માત્રા વધી છે, જે માનવ સ્થાસ્થય માટે જોખમી છે. ગુજરાતમાં ભૂગર્ભજળનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે પરિણામે ઉત્તર ગુજરાતમાં તો ૧૦૦ ફૂટ પછી પણ પાણી નથી. આ સ્થિતિ સર્જાઈ છે ત્યારે નિષ્ણાતોનું કહેવુ છે કે, જો હજુ પણ ભૂગર્ભજળના વપરાશ પર નિયંત્રણ નહીં લાદવામાં આવે તો જમીનમાંથી ભૂગર્ભજળ ખૂટી જશે તે દિવસો દૂર નથી. રાજ્યસભામાં પૂછાયેલા એક સવાલના જવાબમાં મિનિસ્ટ્રી ઑફ જળશક્તિએ રિપોર્ટ રજૂ કર્યો કે, ગુજરાતમાં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વૉટર બૉર્ડે ભૂગર્ભજળની ચકાસણી કરવા માટે જુદા જુદા વિસ્તારોમાં કુલ મળીને ૬૩૨ પાણીના સેમ્પલ લીધા હતા. જે પૈકી ૮૮ સેમ્પલમાં ફ્લોરાઇડની માત્રા હોવાનું માલુમ પડ્યું હતું.

ગુજરાતમાં કુલ મળીને ૨૫ જિલ્લાઓ એવા છે જ્યાં ભૂગર્ભજળમાં ફ્લોરાઇડની માત્રા ૧.૫ એમજીથી વધુ છે. અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, દેવભૂમી દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મહેસાણા, મોરબી, નર્મદા, પોરબંદર, પાટણ, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરાના વિસ્તારમાં ફ્લોરાઇડની માત્રા વધુ પ્રમાણમાં જોવા મેળી છે. ફ્લોરાઇડની મર્યાદા સ્વીકાર્ય કરતાં વધુ હોવાનું માલુમ પડ્યું છે જે માનવ સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થઈ શકે છે. જેમ કે ફ્લોરાઇડયુક્ત પાણીને પીવામાં આવે તો વ્યક્તિ વિવિધ રોગોનો શિકાર બની શકે છે.

ફ્લોરાઇડ યુક્ત ભૂગર્ભજળનો વપરાશ કરવાથી ગ્રામ્ય વિસ્તારોમાં સાંધાનો દુઃખાવો, હાડકાં નબળા પડી જવા, દાંત સડી જવા, ચામડી, પેટના રોગ થવા, પાચનશક્તિ નબળી પડવી, વાળ ખરવા જેવા રોગ વધ્યા છે. આ ઉપરાંત સગર્ભા મહિલા માટે તો આ પ્રદુષિત ભૂગર્ભજળ નુકશાનકારક સાબિત થઈ શકે છે. આમ ગુજરાતમાં ભૂગર્ભજળની ગુણવત્તા નબળી પડી છે. ત્યારે નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે કે, જો આજ સ્થિતિ રહી તો રાજ્યમાં ભૂગર્ભજળ ખૂટી પડશે અને પાણીની સમસ્યા ઊભી રહેશે.

# ગુજરાતમાં હૃદયની સમસ્યાના દર કલાકે ૧૦ કેસ, બે મહિનામાં ૧૪૭૦૧ કેસ

ગુજરાતમાં હૃદયને લગતી સમસ્યાના કેસમાં ચિંતાજનક વધારો થવા લાગ્યો છે. ઑક્ટોબર-નવેમ્બર એમ બે મહિનામાં હૃદયને લગતી ઈમરજન્સીના ૧૪૭૦૧ કેસ નોંધાયા છે. આમ આ બે મહિનામાં પ્રતિ કલાકે હૃદયને લગતી ઈમરજન્સીના પ્રતિ કલાકે ૧૦ કેસ સામે આવ્યા છે. ગત વર્ષની સરખામણીએ હૃદયની ઈમરજન્સીના કેસમાં ૧૪ ટકા જેટલો વધારો થયો છે.



**હજુ ડિસેમ્બર મહિનો બાકી છે ત્યાં જ ગત વર્ષ કરતાં હૃદયની ઈમરજન્સીના કેસમાં વધારો થયો છે**

ઈમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, હૃદયને લઈને સમસ્યામાં ઈમરજન્સીના ઑક્ટોબર ૨૦૨૩માં ૬૭૬૩ કેસ, જ્યારે ઑક્ટોબર ૨૦૨૪માં ૭૭૨૨ કેસ નોંધાયા હતા. આમ ગત વર્ષના ઑક્ટોબર કરતાં ઈમરજન્સીમાં ૧૪.૧૮ ટકાનો વધારો થયો છે. આ જ રીતે નવેમ્બર ૨૦૨૪માં ૬૯૭૯ અને નવેમ્બર ૨૦૨૩માં ૬૨૫૪ કેસ સામે આવ્યા હતા. ગત વર્ષના નવેમ્બર કરતાં આ વખતે ઈમરજન્સીના કેસમાં ૧૨.૯૪ ટકા જેટલો વધારો થયો છે. આ બે મહિનાના આધારે જોવામાં આવે તો ગુજરાતમાં પ્રતિ દિવસે સરેરાશ ૨૪૧ લોકોને હૃદયની ઈમરજન્સીને કારણે ૧૦૮ સેવાની મદદ લેવી પડી છે.

ગુજરાતમાં હૃદયની ઈમરજન્સીના જે કેસ નોંધાયા છે તેમાંથી ૩૦ ટકા માત્ર અમદાવાદ જિલ્લામાંથી છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૩ ઑક્ટોબરમાં ૧૯૮૭ કેસ, જ્યારે વર્ષ ૨૦૨૪ ઑક્ટોબરમાં ૨૨૩૫ કેસ નોંધાયા હતા. ગત વર્ષના ઑક્ટોબર કરતાં અમદાવાદમાં હૃદયની ઈમરજન્સીના કેસ ૧૨.૪૮ ટકા વધ્યા છે. નવેમ્બર ૨૦૨૩માં ૧૭૧૮ કેસ સામે નવેમ્બર ૨૦૨૪માં હૃદયની ઈમરજન્સીના ૧૯૨૦ કેસ નોંધાયા હતા. બે મહિનામાં અમદાવાદમા હૃદયની ઈમરજન્સીના ૪૧૫૫ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર સુધી ૭૭૪૨૭ વ્યક્તિને હૃદયને લગતી ઈમરજન્સીની સારવાર લેવી પડી છે. જેની સરખામણીએ ગત સમગ્ર વર્ષે ૭૨૫૭૩ કોલ આવ્યા હતા. આમ, હજુ ડિસેમ્બર મહિનો બાકી છે ત્યાં જ ગત વર્ષ કરતાં હૃદયની ઈમરજન્સીના કેસમાં વધારો થયો છે.ગુજરાતમાં હૃદયને લગતી સમસ્યાના કેસમાં ચિંતાજનક વધારો થવા લાગ્યો છે. ઑક્ટોબર-નવેમ્બર એમ બે મહિનામાં હૃદયને લગતી ઈમરજન્સીના ૧૪૭૦૧ કેસ નોંધાયા છે. આમ આ બે મહિનામાં પ્રતિ કલાકે હૃદયને લગતી ઈમરજન્સીના પ્રતિ કલાકે ૧૦ કેસ સામે આવ્યા છે. ગત વર્ષની સરખામણીએ હૃદયની ઈમરજન્સીના કેસમાં ૧૪ ટકા જેટલો વધારો થયો છે.

# રાશનની દુકાનમાં છૂટક અનાજ નહીં મળે, ભેળસેળને અટકાવવા સરકાર ઘડી રહી છે પ્લાન

## પેકેજીંગ અનાજ વિતરણ અંગે વિચારણાઃ ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે આપ્યું

રાજ્ય સરકાર દ્વારા ૭૨.૫૧ લાખ કરતાં વધુ પરિવારોને સસ્તું અનાજ પૂરું પાડવામાં આવે છે. ત્યારે આ અનાજ વિતરણ વ્યવસ્થા અને ક્વોલિટીને લઈને અવાર-નવાર ફરિયાદો જોવા મળે છે. ત્યારે રાજ્ય સરકાર અનાજમાં થતી મિલાવટને અટકાવવા અને સારી ગુણવત્તાનું અનાજ મળી રહે તે માટે મહત્ત્વનો નિર્ણય લેવા જઈ રહી છે. સરકાર હવે છૂટક અનાજ વહેંચવાનું બંધ કરીને પેકેટમાં અનાજ આપવાનું વિચારી રહી છે. ત્યારે અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું પેકેજીંગ અનાજ વિતરણ ભેળસેળ અટકી જશે. શું ડુપ્લીકેટ પેકેજીંગ સંભાવનાઓ નથી ? ભેળસેળને અટકાવવા માટે માત્ર પેકેજીંગ અનાજ વેચવાથી અટકાવી શકાય?



આ અંગે અન્ન નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે રાજ્યના ગરીબોને આપવામાં આવતું અનાજ સારી ગુણવત્તાનું મળે. તેમાં કોઈપણ પ્રકારની ભેળસેળ ન થાય તે માટે અનાજનું પેકેજીંગ કરી વિતરણ કરવા અંગે વિચારણા ચાલી રહી છે. આ બાબતે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી મંજૂરી મેળવવામાં આવશે. આગામી બજેટમાં અનાજનું પેકેજીંગ કરવા માટેની રકમની જોગવાઈ કરવામાં આવશે. હાલમાં રાજ્યમાં ગ્રાહકોને ૨ કિલો, ૩ કિલો છૂટક અનાજ આપવામાં આવે છે. જેથી ઘણીવાર અનાજની ગુણવત્તાને લઈને ફરિયાદો જોવા મળી છે. અનાજ બદલી નાખવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી રાજ્ય સરકાર દ્વારા અનાજ, કઠોળ સહિત નક્કી કરેલા જથ્થાને પેકેજીંગ કરી વિતરણ કરવા અંગે વિચારણા કરી રહી છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ૨૭૧૧ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી હતી. રાજ્યના ૭૨ લાખ કુટુંબોને છેલ્લા ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવ્યું હતું. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોને ગત્રજ્જ્અ હેઠળ આવરી અનાજ પૂરું પાડવા માટે ૬૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

# સ્વચ્છ ભારત અભિયાનઃ ટોઈલેટ ક્લીનર વપરાશમાં ૩૪ ટકાનો વધારો



નવી દિલ્હી એક દાયકા પહેલાં જ્યારે પીએમ નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી ત્યારપછી હવે અડધાથી વધુ ભારતીય પરિવારો ટોયલેટ ક્લીનર્સનો ઉપયોગ કરે છે.

૨૦૧૪ માં, ટોઈલેટ ક્લીનર્સ અને ફ્લોર ક્લીનર્સનો ઉપયોગ અનુક્રમે ૧૯ ટકા અને ૮ ટકા થતો હતો. ૨૦૨૪ માં ટોયલેટ ક્લીનર્સનો ઉપયોગ કરતાં ૫૩ ટકા પરિવારો અને ફ્લોર ક્લીનર્સ ખરીદતાં ૨૨ ટકા પરિવારો થઈ ગયાં છે, કંતારના ડેટા અનુસાર ૧૨૮ મિલિયનથી વધુ ઘરો ટોયલેટ ક્લીનર્સ ખરીદે છે અને ફ્લોર ક્લીનર્સ સેગમેન્ટમાં ૫૨ મિલિયન નવાં ઘરો ઉમેરાયા છે.

ગ્રાહકોને છૂપાયેલા જોખમો વિશે ચેતવણી આપવાથી લઈને વધુ સારી સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા સુધી, રેકિટ બેનકીઝર, હિન્દુસ્તાન યુનિલિવર અને ડાબર જેવાં બાથરૂમ સેનિટેશન ઉત્પાદનોના માર્કેટર્સે પણ પોતાનું કામ કર્યું છે.ડાબરના વડા રાઠીએ જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગ્રામીણ ઘરગથ્થુ શૌચાલયોના નિર્માણથી સ્વચ્છતા વિશે જાગૃતિ લાવવામાં મદદ મળી છે.

રાઠીએ જણાવ્યું હતું કે, ‘‘શહેરી ભારતમાં હાઉસિંગ સેગમેન્ટની વૃદ્ધિ અને જાગૃત ખરીદદારોની સંખ્યામાં વધારો પણ આ કેટેગરી માટે વૃદ્ધિમાં સહાયક છે.‘‘ ભારતનું સરફેસ ક્લીનર માર્કેટ લગભગ ૪૨૦૦ કરોડનું છે, જેમાં ટોઈલેટ ક્લીનર્સનો હિસ્સો ૨૦૦૦ કરોડનો છે.

### અગાઉનો ૧૧ ટકાનો ભાવવધારો હવે ૧૬ ટકાનો કરાયો

# ખાનગી વિજ કોન્ટ્રાક્ટરોને ૧૬ ટકાનો ભાવવધારો PGVCLની બોર્ડ બેઠકમાં નિર્ણય

## ખાનગી કોન્ટ્રાક્ટરો સ્વીકાર કરશે કે ફરી આંદોલન છેડશે?

રાજકોટ, તા.૧૭

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) સામે મેદાને પડીને હડતાળ પાડનારા ખાનગી વિજ કોન્ટ્રાક્ટરોને કુલ ૧૬ ટકાનો ભાવવધારો આપવાનો નિર્ણય બોર્ડ મીટીંગમાં લેવામાં આવ્યો છે. હવે ખાનગી કોન્ટ્રાક્ટરો આ ભાવવધારાનો સ્વીકાર કરે છે કે કેમ તેના પર મીટ છે તેઓ દ્વારા ૩૫ થી ૪૦ ટકાનો ભાવવધારો માંગવામાં આવ્યો હતો.

પીજીવીસીએલના સૂત્રોએ જણાવ્યું છે કે, ગત સપ્તાહે બોર્ડ મીટીંગ યોજાઇ હતી. એજન્ડામાં પ્રમુખ મુદ્દો ખાનગી કોન્ટ્રાક્ટરોએ કોન્ટ્રાક્ટના ભાવમાં માંગેલા વધારાનો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં




ખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપાતા કામ, તેના ભાવ, વોલ્યુમ, અન્ય વિજ બોર્ડમાં અપાતા ભાવ સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને છેવટે ૧૬ ટકાનો ભાવ વધારો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પીજીવીસીએલ દ્વારા ગત દિવાળી પૂર્વે ખાનગી કોન્ટ્રાક્ટરોને ૧૧ ટકાનો ભાવવધારો આપવામાં આવ્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટર સંગઠનને તે ફગાવીને ગત મહિને સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હડતાળ પાડીને તમામ કામો ઠપ્પ કરી દીધા હતા. ક્ષતિગ્રસ્ત ટ્રાન્સફોર્મર બદલવા, લાઈન રીપેરીંગ, વાહન ભાડે આપવા, લોડિંગ-અનલોડિંગ સહિતના કામો વિજતંત્ર ખાનગી કોન્ટ્રાક્ટરો પાસે કરાવે છે.

હડતાળનું એલાન જાહેર કરતી વેળાએ કચ્છ-સૌરાષ્ટ્ર કોન્ટ્રાક્ટર એસો.ને એવો દાવો કર્યો હતો કે બે વર્ષથી ભાવવધારાની માંગણી થતી હતી પરંતુ જવાબ આપવામાં આવતો ન હતો. ગુજરાતની જ અન્ય સરકારી વિજ વિતરણ કંપનીઓની સરખામણીએ ૩૫ થી ૪૦ ટકા જેવો ઓછો ભાવ આપવામાં આવે છે એટલે અન્ય કંપનીઓના ધોરણે ભાવ નક્કી કરી દેવામાં આવે.

પાંચેક દિવસ હડતાળ ચાલ્યા બાદ વિજતંત્ર તથા કોન્ટ્રાક્ટર સંગઠન વચ્ચે બેઠક થઈ હતી અને બોર્ડ મીટીંગમાં યોગ્ય નિર્ણય લેવાની લેખિત બાહેંધરી આપવામાં આવતા આંદોલન સમેટી લેવાયું હતું.

### તમો રિટર્ન ફાઈલ ન કરો તો પણ જવાબદારી તો બને જ છે

# રીટર્ન ફાઈલ નહી કરનારા પાસેથી રૂા.૩૭૦૦૦ કરોડનો આવકવેરા વસુલાયો

નવી દિલ્હીઃ દેશમાં આવકવેરા રિટર્ન ફાઈલ નહી કરનાર પાસેથી પણ આઈટી વિભાગ વેરો વસુલી રહી છે. ખાસ કરીને આઈટી વિભાગે ડેટાની જે જાળ બીછાવી છે અને દરેક મોટા ખર્ચની માહિતી આવકવેરા વિભાગના સર્વેમાં પહોંચી જાય છે. તેના આધારે આ પ્રકારે મોટા ખર્ચ કરનાર પણ જેઓ આવકવેરા રિટર્ન ભરતા નથી અથવા તેમના રીટર્નમાં આ ખર્ચને પહોંચી શકે તેવી આવક દર્શાવતા નથી.




તેઓને આવકવેરા વિભાગ નોટીસ મોકલી તેમના આ ખર્ચ અંગે ખુલાસો કરવા કહે છે અને તેમના આ ખર્ચ સંબંધીત આવક અંગે ખુલાસા કરવા જણાવે છે. ખાસ કરીને પ્રોપર્ટી અને લકઝરીયસ ખરીદી આવકવેરાના નજર બહાર જતી નથી અને આ પ્રકારના ખર્ચના આધારે ટેક્ષ ડિમાન્ડ નોટીસથી છેલ્લા ૨૦ માસમાં આવકવેરા વિભાગે રૂા.૩૭૦૦૦ કરોડ વસુલ કર્યા છે.

ખાસ કરીને ગોલ્ડ-જવેલરી-ખરીદી, લકઝરી હોલીડે ઉપરાંત જે મોંઘી ગણાતી મિલ્કતો જેમાં ૨૦૧૯-૨૦ના સમયમાં પેમેન્ટ વધુ હોય તેના આધારે આ પ્રકારની કરચોરી ઝડપી લેવાઈ છે. આ ઉપરાંત અનેક આવક જે ટીડીએસ કપાયો હોય તેના ડેટા પણ આવકવેરા વિભાગને માટે મહત્વના પુરવાર થયા છે.

આવકવેરા વિભાગએ પણ રિટર્નનું સ્કુટીની કર્યુ જે લોકોએ પોતે રીટર્નમાં ઝીરો ટેક્ષ જવાબદારી દર્શાવી હતી જેના બેન્ક ખાતામાં હાઈ વેલ્યુ ટ્રાન્ઝેકશન થયા હતા તેવી રૂા.૧૩૨૦ કરોડની કરચોરી ઝડપી લેવાઈ હતી. ખાસ કરીને આ પ્રકારના લોકોની ખર્ચની પેટર્નના ડેટાનું સતત વિશ્લેષણ થાય છે પણ તેઓએ કાં તો તેમના આવકવેરા રિટર્ન જ ફાઈલ કર્યા હોતા નથી અથવા તો તે ખર્ચ તેના આવકવેરા રિટર્નમાં દર્શાવ્યા હોતા નથી અથવા તેવી આવક દર્શાવી હોતી નથી જે આ પ્રકારના ખર્ચ સાથે મેચ થતી હોઈ શકે છે.

# મોંઘવારીમાં રાહત! જથ્થાબંધ ફુગાવો ત્રણ માસના તળીયે




નવી દિલ્હી દેશમાં મોંઘવારીની લાંબા સમયથી સ્થિતિ વચ્ચે હવે સારા સમાચાર આવી રહ્યા છે અને નવેમ્બર માસમાં જથ્થાબંધ ભાવાંક ત્રણ માસના સૌથી નીચા ૧.૮૯% ના દરે પહોચતા હવે છુટક ફુગાવો પણ નીચો આવે તેવા સંકેત છે. સરકારે જારી કરેલા આંકડા મુજબ નવેમ્બર માસમાં જથ્થાબંધ ફુગાવો ૨.૩૬% માંથી ઘટીને ૧.૮૯% નોંધાયા છે. ખાસ કરીને ખાદ્ય ચીજોમાં શાકભાજી અને ડુંગળીઓના ભાવમાં ઘટાડો થતા જથ્થાબંધ ફુગાવો નીચે આવ્યો છે. ગત વર્ષે જો કે આ દર ૦.૮૯% જ હતો. આમ એક વર્ષની સરખામણીમાં તે હજું ઉંચો છે. ખાદ્ય ચીજોનો ફુગાવાનો દર જે ઓકટોબર માસમાં ૧૩.૫૪% હતો તે ઘટીને ૮.૬૩% રહી ગયો છે. શાકભાજીના ભાવ સીઝનલ કારણોથી ઘટયા છે અને તેની અસર હવે છુટક ફુગાવા પર પણ થશે. જો કે બટેટાના ભાવમાં હજું મોંઘવારીની અસર છે અને તેમાં ફુગાવાનો સૂચક આંક ૮૨.૭૯% બની રહ્યો છે.

# શનિવારે પડાણા ખાતે જોડીયા તાલુકા રાજપુત સમાજ દ્વારા સરસ્વતિ સન્માનનો કાર્યક્રમ યોજાશે

**મયુરધ્વજસિંહજી એમ.જાડેજા( ચેરમનશ્રી જે.એમ.જે. ગૃપ) તેમજ શ્રી ઇન્દ્રવિજયસિંહજી રાખોલના હસ્તે ઉદ્‌ઘાટન કરાશે**

**મુખ્ય મહેમાન તરીકે જામનગરના ધારાસભ્ય શ્રીમતી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતી**

**પરંપરાગત પોશાક સાફો પાઘડી પહેરીને પધારવા વિનંતી**



:: સમગ્ર કાર્યક્રમ ના દાતાશ્રી ::

**શ્રી મયુરધ્વજસિંહજી એમ. જાડેજા**

(ચેરમેનશ્રી જે.એમ.જે. ગૃપ - રાજકોટ)

:: સન્માન સમારોહ ::

**સમસ્ત જોડીયા તાલુકાના રાજપૂત સમાજના**
**તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ**

:: અતિથિ વિશેષ ::

| | | |
|---|---|---|
| શ્રી એમ.બી. જાડેજા સાહેબ | : | રીટાયર્ડ એમ.ડી., પી.જી.વી.સી.એલ. |
| શ્રી પરબતસિંહજી બી. જાડેજા | : | પ્રમુખશ્રી ભુતપૂર્વ વિદ્યાર્થી મંડળ હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય રાજકોટ |
| શ્રી ડો. જીગરસિંહજી જાડેજા | : | જાણીતા ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન - રાજકોટ |
| શ્રી ડો. રાજેન્દ્રસિંહજી એસ. જાડેજા | : | કાર્યકારી પ્રમુખ જામનગર જિલ્લા રાજપુત સમાજ |
| શ્રી વિજયસિંહજી જાડેજા | : | પડાણા, શ્રી રાજ સીક્યોરીટી - રાજકોટ |
| શ્રી રણજીતસિંહજી રાજપુત | : | પોલીસ ઈન્સપેક્ટર સાહેબ - જોડીયા |
| શ્રી કે.ડી. જાડેજા | : | પોલીસ સબ ઈન્સપેક્ટર સાહેબ -બાલંભા |
| શ્રી શકિતસિંહજી જાડેજા | : | કોટડાનાયાણી, ભુમિ ગૃપ - ગોંડલ |

# કાગવડમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા





## સતત બીજા વર્ષે વ્રજ ગ્રુપે ૨૧ દિકરીઓને સાસરે વળાવી

વીરપુર, તા.૧૬ઃ દીકરીના લગ્ન માટે માતાપિતાને સૌથી વધુ ચિંતા રહેતી હોય છે ત્યારે સતત બીજા વર્ષે ગોંડલના વ્રજ ગ્રુપે ૨૧ દિકરીઓને સાસરે વળાવી માતાપિતાની આ ચિંતામાં સહભાગી થયા હતા તેમના દ્વારા કાગવડમાં ખોડિયારના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સતત બીજા વર્ષે માઁ ખોડલના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમૂહ લગ્ન યોજાયા હતા.

નોંધનીય છે કે, કેટલાક લોકો લગ્નમાં મસમોટો ખર્ચ કરતા હોય છે જ્યારે કેટલાક સામાજિક અગ્રણીઓ પોતાના પરિવારજનોના લગ્નમાં લખલૂટ ખર્ચ કરવાને બદલે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોને મદદરૂપ થવાનું આયોજન કરતા હોય છે એવો જ એક સમૂક લગ્નનો કાર્યક્રમ વ્રજ ગ્રુપ ગોંડલ દ્વારા કરવામાં આવ્યો હતો ગ્રુપ દ્વારા સતત બીજા વર્ષે માઁ ખોડલના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમૂહ લગ્ન યોજાયા હતા.

નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારની દીકરીઓ આ સમુહલગ્નમાં પ્રભુતામાં પગલાં પડ્યા હતા આ સમૂહ લગ્ન સમારોહમાં સંતો-મહંતો, સામાજિક અગ્રણીઓ, રાજકારણીઓ, આગેવાનો, સાંસદો, ધારાસભ્યો અને શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને તમામ ટ્રસ્ટીઓ, જેતપુર જામકંડોરણા ધારાસભ્ય જયેશભાઇ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા. આરતી કર્યા બાદ સમૂહ લગ્નની વિધિ કરવામાં આવી હતી.



રિપોર્ટર : ગૌરવ ગાજીપરા-વીરપુર

લગ્નના વિશાળ ગ્રાઉન્ડમાં મંડપ, ઉતારા, સ્ટેજ, પાર્કિંગ, હોસ્પિટલ, સહિતની સુવિધાઓ કરવામાં આવી હતી જેમાં સાવલિયા અને વેકરિયા પરિવાર દ્વારા આ દીકરીઓના લગ્ન અને કરિયાવર સહિતની જવાબદારીઓ ઉઠાવવામાં આવી હતી. ગ્રાઉન્ડમાં ખોડિયાર માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું હતું જેમાં માતાજીની આરતી કર્યા બાદ સમૂહ લગ્નની વિધિ કરવામાં આવી હતી.

૨૧ દીકરીઓ એક સાથે સ્ટેજથી મંડપ સુધી પોતાના ભાઈઓ સાથે ભવ્ય એન્ટ્રી કરી હતી ત્યાર બાદ ૨૧ દીકરીઓને વ્રજ ગ્રુપ તરફથી કન્યાદાન અપાયું લગ્ન પૂર્ણ થયા બાદ ૨૧ યુગલોને માતાજીના મંદિરે દર્શન કરાવ્યા અને ખોડલધામનો ખેસ અને માતાજીનો ફોટો આપી સન્માનિત કર્યા હતા.

૨૧ દીકરીઓ આયોજકોને મળી હિબકે ચડ્યા હતા. મહત્વનું એ છે કે, ૨૧ દીકરીઓની વિદાય વેળાએ આયોજકો ની આંખોમાંથી પણ આંસુ જોવા મળ્યા હતા.

૨૧ દીકરીઓના લગ્ન વિધિ પૂર્ણ થયા બાદ વિદાય વેળાએ વ્રજ ગ્રુપના સાવલિયા પરિવાર અને વેકરીયા પરિવારના સભ્યો સ્ટેજની નીચે ઉભા રહ્યા હતા અને તમામ ૨૧ યુગલો આયોજકો મળીને વિદાય કરી હતી જેમા ૨૧ દીકરીઓ આયોજકોને મળી હિબકે ચડ્યા હતા.

માતાજીના સાનિધ્યમાં દીકરીઓને સાસરે વળાવી એ એક આશીર્વાદ રૂપ છે.

નોધનીય છે કે, વ્રજ ગ્રુપના ધવલભાઈ સાવલિયાએ કાગવડ શ્રી ખોડલધામ મંદિર ખાતે દર મહિનાની ૧૬ તારીખે પોતાની દીકરી વાન્યા નામની આજીવન ધ્વજા લખાવી છે. જ્યારે તેમની બીજી દીકરી માન્યાના નામનું દર મહિનાની ૨૬ તારીખે વિરપુર વૃદ્ધાશ્રમના વૃધ્ધોને સાંજે જમાડે છે. ધવલભાઈને માતાજીના સાનિષ્યમાં દીકરીઓના સમૂહ લગ્ન કરવાનો વિચાર આવ્યો હતો. કારણ કે માતાજીના સાનિધ્યમાં દીકરીઓને સાસરે વળાવી એ એક આશીર્વાદ રૂપ છે. કરિયાવરમાં ૧૧૧થી વધુ વસ્તુઓ આપવામાં આવી હતી.

સમૂહ લગ્નમાં દીકરીઓને આપવામાં આવતા કરિયાવરમાં કોઈપણ પ્રકારની કચાશ રાખવામાં આવી નથી નવ દંપત્તિ માટે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ પર્યાવરણમાં આવરી લેવામાં આવી છે કરિયાવરમાં ૧૧૧ થી વધુ વસ્તુઓ આપવામાં આવી હતી. સમૂહ લગ્નમાં દીકરીઓને આપવામાં આવતા કરિયાવરમાં કોઈપણ પ્રકારની કચાશ રાખવામાં આવી નથી. નવ દંપત્તિ માટે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ પર્યાવરણમાં આવરી લેવામાં આવી છે. વેકરિયા પરિવાર અને સાવલિયા પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

લગ્નના મુખ્ય આયોજકો સ્વ. અરજણભાઈ જેઠાભાઈ વેકરિયા, સ્વ. મોતીબેન અરજણભાઈ વેકરિયા, સ્વ, પોપટભાઈ અરજણભાઈ વેકરિયા, સ્વ. વાલીબેન પોપટભાઈ વેકરિયા, પ્રવીણભાઈ પોપટભાઈ વેકરિયા (પી.પી.), રમાબેન પ્રવીણભાઈ વેકરિયા, રેનીશ પ્રવીણભાઈ વેકરીયા, ધારાબેન રેનીશભાઈ વેકરિયા, જિયાંશ રેનીશભાઈ વેકરીયા, યુવરાજ રેનીશભાઈ વેકરીયા, સ્વ. નારણભાઈ ભુટાભાઈ સાવલિયા, સ્વ. સમજુબેન નારણભાઈ સાવલિયા, બિપીનભાઈ નારણભાઈ સાવલિયા, ભાવનાબેન બીપીનભાઈ સાવલિયા, ધવલભાઈ બીપીનભાઈ સાવલિયા, ધર્મિષ્ઠાબેન ધવલભાઈ સાવલિયા, વિશાલભાઈ બીપીનભાઈ સાવલિયા, સોનલબેન વિશાલભાઈ સાવલિયા, માન્યા ધવલભાઈ સાવલિયા, જિયાન વિશાલભાઈ સાવલિયા, હિરલબેન હેરતકુમાર હૂંમર, વાન્ય ધવલભાઈ સાવલિયા, જેવીન વિશાલભાઈ સાવલિયા સહિતના છે.

# રવીવારે સમરસ પેનલનું દબદબાભેર પ્રથમવાર વકિલોના હસ્તે ઉદ્દઘાટન




રાજકોટ, તા. ૧૬: સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા રાજકોટ શહેર બાર એસોસીયેશનની ચુંટણી ૨૦૨૫ માટે તા. ૨૦/૧૨/૨૦૨૪ મતદાન યોજવાનુ હોય. રાજકોટમાં બણ પેનલનો ચુંટણી જંગ જામેલો હોય ત્યારે પરેશ મારૂની સમરસ પેનલનુ કાર્યાલય ઉદઘાટન રવિવારે દબદબાભેર પ્રથમવાર વકિલ એવા પૂર્વ સાંસદ રામજીભાઈ માવાળી તથા વકિલ પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભણીયાના હસ્તે મોટી સંખ્યામાં વકિલની હાજરીમાં કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવેલ હતુ.

આશરે ૩૦૦થી વધુ સંખ્યામાં કડકડતી ઠંડી વચ્ચે વકિલો ઉપસ્થિત રહેલ. બાર કાઉન્સીલના મેમ્બર દીલીપભાઈ પટેલ, એ.જી.પી. દીલીપભાઈ મહેતા પરાગ શાહ, બીનલબેન વેસીયા, અનિલ ગોગીયા, રેવન્યુ ભાર એસો.ના પ્રમુખ રમેશભાઈ કથીરીયા, ઉપપ્રમુખ વીજય તોગડીયા, સેંક્રેટરી નિલેશ પટેલ, રમેશ પોડાસરા, રાજુભાઈ પરસાણા, કાંતીભાઈ ગોણીયા, ચંન્દ્રેશ પટેલ, મૌલીક ફળદુ, પ્રદેશ કારોબારી લીગલ સેલના કારોબારી સભ્ય હિતેશભાઈ દવે, લીગલ સેલના વિરેન્દ્ર વ્યાસ, ધર્મેશ સખીયા, વિમલ ડાંગર, નિતેશ ડાંગર, જગદીશ કુવાડીયા, તન્વીર લાવડિયા, આર.ડી.દવે, દર્શીત સહિતના ઉપસ્થિત રહેલ મહિલા એસો. એડવોકેટ મહેશ્વરીબેન ચૌહાણ, ઉર્વશી કાકડીયા, ધારા મુળશા, ભાવનાબેન ડાભી, મીનાથીબેન દવે, હિરલબેન જોષી, નયનાબેન ચૌહાણ વિગેરે ઉપસ્થિત રહયા હતા. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના વિડલો દેશનો ઈતિહાસ ફેરવેલ હતો અને દેશમાં વકિલો અગત્યનું સ્થાન ધરાવતા હોય. સરપંચથી સંસદ સુધી વકિલોનું આધિપત્ય રહયુ છે. બીજા ઉદ્દઘાટન ભીખાભાઈ બાંભણીયા પૂર્વ ધારાસભ્ય જણાવેલ હતુ કે, વકિલો ગરીબ અને નાના લોકો માટે લક્ત આપે છે. તેમના પ્રશ્નને વાંચા આપે છે. આ દેશનો ઈતિહાસ જોઈએ તો વકિલો કાયમી ધોરણે દેશની ચૂંટણીમાં સૌપ્રથમ કામગીરી કરેલી છે અને વક્લિોને સમરસ પેનલને જંગી મતથી જીતાડવા આહવાન કરેલ હતુ.

ઉદઘાટન પ્રસંગે સીનીયર ધારાશાસ્ત્રી જયદેવભાઈ સુકલ, બીમલભાઈ જાની, વિશાલભાઈ ગોસાઈ, કૌશલ વ્યાસ, વીજય દવે, હરેશ પરસોડા, જયંત ગાંગાણી, આર.યુ. પટેલ, અનિલ કાંકડીયા, રમેશ કાપડીયા, વપુલ પટેલ, વીજય રૈયાણી, વિક્રમ ગોંડલીયા, જયદેવ સેખરા, જે.એન. પાનોલા, તુષાર સોઢાકર, રાકેશ દોશી, વીજય રાઠોડ સહિતના મોટી સંખ્યામાં વિકલો હાજર રહ્યા હતારક્ષાબેન ઉપાધ્યાય, કારોબારી સભ્યો સંજય ડાંગર, તુષાર દવે, પ્રગતી માંકડીયા, પરેશ પાદરીયા, અશ્વિન રામાણી, નિકુંજ શુકલ, મુનીષ સોનપાલ, રવી વાઘેલા અને કિશન વાલ્યાને મોટી સંખ્યામાં હાજર વકિલોએ સમર્થન આપેલ હતું.

# ઉર્જા સંરક્ષણ અભિયાનના ભાગરૂપે ગોંડલ રૂરલ -૨ સબ ડિવિઝન દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાઇ

## હેત પ્રાઈમરી સ્કૂલ -વીરપુર ખાતે પી જી વી સી એલ દ્વારા નિબંધ લેખન સ્પર્ધા તેમજ રેલી યોજવામાં આવી હતી




વિરપુર, તા. ૧૬: પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બર માસને ઉર્જા સંરક્ષણ તેમજ ઉર્જા કાર્યક્ષમ મહિના તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે તારીખ ૧૨ ડિસેમ્બર ને ગુરુવારના રોજ ગોંડલ રૂરલ - ૨ સબ ડિવિઝન હેઠળ આવેલ ‘‘હેત પ્રાઈમરી સ્કૂલ -વીરપુર‘‘ ગામ ખાતે એક નિબંધ લેખન, વ્રકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ નિબંધ સ્પર્ધામાં એક થી ત્રણ નંબર મેળવેલા વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા જેમાં પીજીવીસી એલ ગોંડલ કાર્યપાલક ઈજનેર એન.જે. મે અને નાયબ ઈજનેર જે. જે. રાવલ તથા જુનિયર ઈજનેર પી.ટી.ગોહિલ મેડમ તથા સ્ટાફ કર્મચારીઓ જોડાયા હતા. વીજ બચત કરવા માટે લોકોએ જાગૃત થવું જોઈએ તેમજ વીજ સુરક્ષા માટે ઊક્ષ્ઈઇ દરેક ના ઘરે ફરિજયાત લગાવી તેમજ વીજ સોલાર પેનલ લગાવવા થી લાઈટ બિલ ઝીરો એટલે કે નહીવત થઇ જશે અને હાલ સરકાર દ્વારા ૬૦% સબ સીડી નો લાભ લેવા માટે લોકોને માહિતગાર કરી અનુરોધ કરવામાં આવેલ હતો.


ॐकारा
કર્મ એજ ધર્મ
સનાતન એજ સત્ય
આત્મા એજ પરમાત્મા
સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક
પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા
હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ
: સ્થાપક :
(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ
તમે વાસ્તવિકતાને ટાળી શકો છો, પરંતુ તમે વાસ્તવિકતાને
ટાળવાના પરિણામો ને ટાળી શકતા નથી.
સત્ય સ્વીકારીએ, કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ..
1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n
ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

**તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે**

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826




અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 9824581306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


SAPPHIRE GOLD
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in
સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...
2 BHK Flats
618 Carpet
3 BHK Flats
824 Carpet
એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...
@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot
Contact : 94038 90004
RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062